

ગુરુવાણીનું મનન કરીને, પામું અલૌકિક ભાન;
ક્ષણે ક્ષણે હું જ્ઞાયક સમરું, પામું કેવળજ્ઞાન રે.
તારું હૃદય ગુરુ ! જ્ઞાન-સમતાનું રહ્યું નિરંતર ધામ,
ઉપકારોની વિમલ યાદીમાં, લાખો વાર પ્રણામ રે.

કહાન સંવત-૧૧ □ (૫૬૫) ❊ આત્મધર્મ ❊ (અંક-૫ વર્ષ-૪૭) □ વીર સં. ૨૫૧૭ નવેમ્બર, ૧૯૯૦




* કાળદ્રવ્ય તથા અન્યદ્રવ્ય વિષે પરમાગમના અવિરોધપણે વિચાર કરવો. પરંતુ 'વીતરાગ સર્વજ્ઞનું વચન સત્ય છે' એમ મનમાં નિશ્ચય કરીને વિવાદ ન કરવો. શા માટે? કારણ કે વિવાદ કરવાથી રાગ-દ્વેષ થાય છે અને રાગ-દ્વેષથી સંસારની વૃદ્ધિ થાય છે. ૨૪૯.

(શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૨૨ ની ટીકામાંથી)

* આ આત્માને અન્ય દ્રવ્યોથી જુદો દેખવો (શ્રદ્ધવો) તે જ નિયમથી સમ્યગ્દર્શન છે. કેવો છે આત્મા? પોતાના ગુણપર્યાયોમાં વ્યાપનારો છે. વળી કેવો છે? શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. વળી કેવો છે? પૂર્ણ જ્ઞાનઘન છે. વળી જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આ આત્મા છે. તેથી આચાર્ય પ્રાર્થના કરે છે કે "આ નવતત્ત્વની પરિપાટીને છોડી, આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો" ૨૫૦.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૬)

* અમે એક જિનને જાણ્યા ત્યાં અનંત દેવને જાણી લીધાં; તેને જાણ્યા વિના મોહથી મોહિત જીવ દૂર ભમે છે. ૨૫૧.

(શ્રી મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૫૮)

* આ આત્મા અરિહંત અને સિદ્ધના સ્વરૂપે ધ્યાવવામાં આવતાં ચરમશરીરીને મુક્તિ પ્રદાન કરે છે અને તેના ધ્યાન સાથે પુણ્ય ઉપાર્જન કરનાર અન્યને તે ભુક્તિ (સ્વર્ગ, ચક્રવર્તી આદિના ભોગો) પ્રદાન કરે છે. ૨૫૨. (શ્રી નાગસેન મુનિરાજ, તત્ત્વાનુશાસન, શ્લોક-૧૯૭)

કહાન
સંવત-૧૧
વર્ષ-૪૭
અંક-૫
[ ૫૬૫ ]

વીર
સંવત
૨૫૧૭
સં. ૨૦૪૭
NOV.
A.D. 1990




આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# રાગ-ગ્રામમાં જીવરાજનો વસવાટ નથી

[ શ્રી સમયસાર શાસ્ત્રની ગાથા ૪૭-૪૮ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

હવે શિષ્ય પૂછે છે કે આ વ્યવહારનય કયા દૃષ્ટાંતથી પ્રવર્ત્યો છે? ૪૬ મી ગાથામાં આપે કહ્યું કે નિશ્ચયથી તો દ્રવ્યનો આશ્રય તે જ પરમાર્થ છે પણ આ જે રાગ દ્વેષ-મોહ છે તે નિશ્ચયથી જીવના નથી તોપણ પર્યાયમાં રાગ-દ્વેષ-મોહ છે તેમ જાણવું જોઈએ. કેમ કે જો પર્યાયમાં રાગ દ્વેષ-મોહ ન હોય તો તેને છેદવાનો ઉપાય પણ ન રહે.

વસ્તુની અંતરદૃષ્ટિ કરતાં વસ્તુમાં તો મોક્ષ પણ નથી, મોક્ષનો માર્ગ પણ નથી અને બંધ તથા બંધનો માર્ગ પણ વસ્તુમાં નથી. પણ આપે સાથે કહ્યું કે જો એકાંત આમ જ માની લેવામાં આવે અને પર્યાયમાં રાગ-દ્વેષ-મોહ છે તથા જીવને અને શરીર, કર્મને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એમ ન માનવામાં આવે તો શરીરને મસળી નાખતાં પાપ નહિ લાગે અને બંધ પણ નહિ થાય તો મુક્તિનો પણ અભાવ ઠરશે માટે એકાંતે વ્યવહારનો નિષેધ ન કરવો. બંધ-મોક્ષ છે તે વ્યવહાર છે તેને જેમ છે તેમ જાણવો જોઈએ.

વસ્તુમાં બંધ-મોક્ષનો વ્યવહાર નથી એ એક વાત અને બીજું, પર્યાયમાં વ્યવહાર છે, એ બેય થઈને પ્રમાણનો વિષય સિદ્ધ થાય છે. માટે જો એકાંત એમ કહી દો કે રાગ-દ્વેષ-મોહ પર્યાયમાં પણ નથી અને જીવ-શરીરને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ નથી તો વ્યવહારનો નિષેધ થાય છે.

દૃષ્ટિના વિષયભૂત ચૈતન્યજ્યોતરૂપ વસ્તુમાં તો રાગ પણ નથી અને ક્ષયોપશમ, ક્ષાયિકની પર્યાય પણ તેમાં નથી. પણ જો એકાંત એમ તાણશો કે વસ્તુમાં નથી માટે પર્યાયમાં પણ નથી તો એકાંત થઈ જશે.

શ્રોતા :—એકાંત એટલે શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—વસ્તુ એટલે દ્રવ્ય અને પર્યાય બંને મળીને એક વસ્તુ છે તેને બદલે જો એકલાં દ્રવ્યને જ માને અને પર્યાયને ન માને તો એ વસ્તુ જ ન રહી માટે અવસ્તુ થઈ ગઈ. માટે એકાંતે એમ માનવું તે મિથ્યા છે. વસ્તુનું સ્વરૂપ એવું નથી.

૧૧મી ગાથામાં કહ્યું કે ત્રિકાળી જ્ઞાયકભાવના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. આશ્રય એટલે ત્રિકાળી દ્રવ્યમાં અહમપણું, હુંપણું મારાપણું માને તેને સમ્યગ્દર્શન થાય. પણ ૧૨મી ગાથામાં કહ્યું કે એ તો નિશ્ચયનો વિષય કહ્યો તે બરાબર પણ પર્યાયમાં જે અપૂર્ણતા અને શુદ્ધતાનો અંશ છે તે શેનો વિષય છે? નિશ્ચયદૃષ્ટિ તો પર્યાયને કે ગુણભેદને પણ સ્વીકારતી નથી પણ પર્યાયમાં રાગ-દ્વેષ છે, બંધ છે અને તેનાથી છૂટવાનો ઉપાય પણ છે તે વ્યવહારનયનો વિષય છે. માટે પર્યાયમાં રાગ-દ્વેષ છે તેમ જાણવું જોઈએ. આદરવાની વાત અહીં નથી.

વ્યવહારનય આદરણીય નથી પણ તે એક નય છે તો તેનો વિષય પણ છે. નય હોય અને તેનો વિષય ન હોય એમ ન બને. પર્યાયમાં પર્યાય નથી, બંધ-મોક્ષ નથી એમ માની લે તો તો એકાંત થઈ જાય. એકાંત તો મિથ્યા છે. પર્યાયને અભૂતાર્થ કહી છે તે તો ગૌણ કરીને કહ્યું છે પણ તેનો અભાવ નથી.

દ્રવ્યના બે પ્રકાર છે. નિશ્ચયનો વિષય જે દ્રવ્ય તે ધ્રુવ અંશ છે અને પ્રમાણના વિષયભૂત દ્રવ્ય તે ધ્રુવ અને પર્યાય બે થઈને એક દ્રવ્ય છે. નિશ્ચયનયના વિષયભૂત દ્રવ્યમાં ઉદયભાવરૂપ રાગ તો નથી પણ ક્ષયોપશમ, ક્ષાયિક અને ઉપશમની પર્યાય પણ તેમાં નથી. તો શિષ્યને પ્રશ્ન ઉઠ્યો કે આ બધાં ભાવો પર્યાયમાં તો છે તેનું શું ? તો કહ્યું કે પર્યાયમાં રાગાદિ ભાવો છે અને તેના નાશનો ઉપાય પણ છે તેને જાણવા જોઈએ. એ બધો વ્યવહારનયનો વિષય છે. નથી એમ નથી. આમ ૪૬ ગાથામાં કહ્યું તો હવે શિષ્ય પૂછે છે કે આ વ્યવહારનય કયાં દૃષ્ટાંતથી પ્રવર્તે છે? કોઈ એવું દૃષ્ટાંત છે કે જેનાથી અમને જલ્દી સમજાય?

શિષ્યના આ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા કહે છે :—

"નિર્ગમન આ નૃપનું થયું"–નિર્દેશ સૈન્યસમૂહને,
વ્યવહારથી કહેવાય એ, પણ ભૂપ એમાં એક છે. ૪૭.
એમ સર્વ અધ્યવસાન આદિ અન્યભાવો જીવ છે,
સૂત્રે કર્યો વ્યવહાર, પણ ત્યાં જીવ નિશ્ચય એક છે. ૪૮.

રાજાના આદેશથી જે સેના નીકળે છે તેમાં રાજા નથી છતાં આદેશ છે એટલો વ્યવહાર છે ને! તો આ રાજા નીકળ્યો એમ કહેવાય છે. તેમ ભગવાન આત્માની પર્યાયમાં દ્રવ્ય આવતું નથી છતાં તેને વ્યવહારથી આત્મા જ કહેવાય છે.

જૂના દ્રવ્યસંગ્રહમાં આવે છે કે, 'વ્યવહાર એટલે લૌકિક કથન.' કળશટીકામાં પાંચમા કળશમાં પણ આવે છે કે 'વ્યવહાર એટલે કથન' પણ એ કથન વાચક છે તો તેનું વાચ્ય પણ છે. વ્યવહાર પર્યાયમાં છે તે તેનું વાચ્ય છે.

આજે ધનતેરસ છે ને! સવારે વિચાર આવ્યો કે લૌકિકમાં તો આ ધનતેરસ કહેવાય છે પણ આપણામાં શું છે? કે સર્વજ્ઞ પરમાત્મા મહાવીર, અમાસના મોક્ષ પધારવાના છે તે પહેલાં સર્વજ્ઞરૂપ લક્ષ્મીની પૂજાનો આ દિવસ છે. સર્વજ્ઞસ્વભાવી આત્માની પૂજાનો આ દિવસ છે. અનંત અનંત જ્ઞસ્વભાવી સર્વજ્ઞસ્વભાવનો સ્વીકાર કરવો, આદર કરવો તેનું બહુમાન કરવું અને તેની પૂજા એટલે તેમાં એકાગ્ર થવું તેનું નામ ધનતેરસ છે. ધૂળના ધનની પૂજાની વાત અહીં નથી.

અહીં કહે છે કે રાજા પાંચ જોજનના ફેલાવથી નીકળી રહ્યો છે એમ કહેવું તે વ્યવહારી લોકોનો સેના સમુદાયને રાજા કહેવારૂપ વ્યવહાર છે. ખરેખર રાજા તો તેમાં એક છે તે કાંઈ પાંચ જોજનના વિસ્તારમાં ફેલાઈ શકતો નથી. પણ સેનાને રાજા કહેવાનો વ્યવહારી લોકોનો વ્યવહાર છે. પાંચ જોજન લીધા એ દૃષ્ટાંતે જ્ઞાનના પાંચ ભેદોને આત્મા કહેવો તે પણ વ્યવહાર છે. શરીર, વાણી, કર્મ, અનેક પ્રકારના રાગ–દ્વેષનો સમૂહ તેને આત્મા કહેવો તે વ્યવહાર છે.

ભાષા દેખો! સમગ્ર રાગગ્રામમાં જીવ વ્યાપીને પ્રવર્તી રહ્યો છે એમ કહેવું તે એક જીવનું સમગ્ર રાગમાં વ્યાપવું અશક્ય હોવાથી વ્યવહારી લોકોનો અધ્યવસનાદિ અન્ય ભાવોમાં જીવ કહેવારૂપ વ્યવહાર છે.' રાગ શબ્દ મૂક્યો છે એટલે જે સૌથી છેલ્લે નાશ પામે છે એ રાગથી માંડીને બધાં ભાવો, કર્મ, શરીર, વાણી, મન આદિમાં જીવ વ્યાપી રહ્યો છે એમ વ્યવહારથી કહેવાય છે.

જીવદ્રવ્ય તેને કહીએ કે જે અનંત અનંત જ્ઞાનાદિ લક્ષ્મીનો ભંડાર ધ્રુવ એક જ્ઞાયકભાવ છે. તે એક જીવનું સમગ્ર રાગદિમાં વ્યાપવું અશક્ય છે. દ્રવ્યસ્વભાવનું

રાગાદિમાં વ્યાપવું અશક્ય છે પણ જેમ રાજાએ સૈન્યને હુકમ કર્યો હતો એટલો સંબંધ હતો તેમ પર્યાયમાં રાગાદિ છે એટલો જીવની સાથે સંબંધ છે પણ શુદ્ધ ઉપાદાનમાં તો એ પણ નથી.

જીવરાજા જે ત્રિકાળી એક જ્ઞાયકભાવ તે રાગગ્રામમાં વ્યાપ્યો છે એમ કહેવું તે વ્યવહારનું કથન છે. દ્રવ્ય તો દ્રવ્યમાં છે, પર્યાયમાં વ્યાપ્યું નથી. પર્યાયને દ્રવ્યની અવસ્થા કહીને વ્યવહારે રાગાદિને તેના કહેવામાં આવ્યા છે.

જેને ૧૧મી ગાથામાં અભૂતાર્થ કહ્યો છે-અસત્યાર્થ કહ્યો છે તેને જ અહીં પર્યાયદૃષ્ટિએ સત્યાર્થ કહીને વર્ણવ્યો છે. ત્રિકાળી દ્રવ્ય રાગાદિગ્રામમાં વ્યાપતો નથી પણ જેમાં રાગાદિ છે તે તેનો અંશ છે માટે એ રાગ-દ્વેષ આદિ અન્યભાવોને પણ વ્યવહારથી જીવના કહ્યાં છે. દયા, દાન, વ્રત, ભક્તિ, હિંસા આદિ ભાવો ચૈતન્યસ્વભાવથી અન્ય હોવાથી પુદ્‌ગલ કહ્યાં હતાં પણ વ્યવહારથી તેમાં જીવ વ્યાપ્યો છે માટે તેને જીવના ભાવ કહ્યાં છે. નિશ્ચયથી તો દ્રવ્યમાં એ પર્યાય છે જ નહિ પણ વ્યવહારથી તે જીવની પર્યાય હોવાથી જીવ છે એમ કહ્યું છે. માટે તે ભાવોને વ્યવહારથી મારા છે એમ જાણવું.

શ્રોતા :—વ્યવહારને જાણવો એ તો બહિર્લક્ષ થયું ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ત્રિકાળની અપેક્ષાએ તે બહિર્લક્ષ છે પણ પર્યાય તો જીવની પોતાની છે એ દૃષ્ટિએ તેને જાણવી તે બહિર્લક્ષ નથી. જેમ બાહ્યચીજ પર છે તેમ આ પોતાની પર્યાયમાં રહેલાં ભાવો પર નથી. માટે અશુદ્ધ નિશ્ચયથી કહો કે વ્યવહારથી, તેને પોતાના ભાવો જાણવા. દ્રવ્ય તરીકે તેમાં આત્મા વ્યાપ્યો નથી પણ પર્યાય તરીકે આત્મા તે ભાવોમાં વ્યાપેલો છે એમ જ્ઞાન બરાબર કરવું જોઈશે.

મુમુક્ષુ :—જેને છોડી દેવા જેવું કહ્યું છે તેને જ જાણવાનું કહો છો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—છોડી દેવા જેવું છે, પણ છે ખરું ને! જે હોય તેને છોડવાનું હોય કે ન હોય તેને? ત્રિકાળીદ્રવ્યમાં તે નથી, પણ અંશમાં—પર્યાયમાં અશુદ્ધતા, ભેદ છે તેને જાણવા જોઈએ.

નયનો વિષય એક અંશ છે. ભલે તે પરમાર્થ-નિશ્ચયનય હો કે વ્યવહારનય હો પણ તેનો વિષય આખુ દ્રવ્ય નથી. પ્રમાણ પર્યાય સહિત આખા દ્રવ્યને વિષય બનાવે છે. નિશ્ચયથી દ્રવ્ય પર્યાયમાં વ્યાપતું નથી પણ પર્યાય નથી એમ નથી. પર્યાય પણ છે તેથી નિશ્ચયની સાથે પર્યાયને ભેળવીને પ્રમાણનું દ્રવ્ય સિદ્ધ કરે છે.

વીતરાગનો મારગ આવો છે બાપુ! બીજે ક્યાંય આ વાત નથી. ભગવાન

પાસેથી આવેલી આ વાતો છે. તત્ત્વજ્ઞાનનો વિષય અને પર્યાયનું અસ્તિત્વ બન્ને સિદ્ધ કરવું છે. પર્યાય છે જ નહિ એમ માની લે તો વેદાંત થઈ જશે અને એકાંત પર્યાય જ છે, દ્રવ્ય નથી એમ માનશે તો બૌદ્ધ થઈ જશે.

દ્રવ્ય સર્વથા નિત્ય છે અને પર્યાય સર્વથા અનિત્ય છે. ત્રિકાળી દ્રવ્ય કથંચિત્ નિત્ય છે અને કથંચિત્ અનિત્ય છે એમ નથી. પણ ત્રિકાળી દ્રવ્યનો નિર્ણય અનિત્ય પર્યાય કરે છે. ૩૨૦ ગાથામાં કહ્યું કે 'હું ધ્રુવ છું' પણ એ જાણ્યું કોણે ?-કે પર્યાયે; પણ પર્યાય કહે છે કે હું દ્રવ્ય છું. પર્યાયનું લક્ષ દ્રવ્ય ઉપર છે તેથી લક્ષમાં પર્યાય નથી પણ તેનો નિર્ણય કરનાર પર્યાય છે. માટે દ્રવ્ય-પર્યાય બંને આવી ગયા.

સોગાનીમાં આવે છે કે 'પર્યાય મારું ધ્યાન કરે તો કરો, હું તો ધ્રુવ છું.' પણ તેનો નિર્ણય કરનાર તો પર્યાય છે. ત્રિકાળી ધ્રુવ દ્રવ્યમાં પર્યાય નથી પણ તેનો નિર્ણય કરનાર પર્યાય જ છે. આહાહા...! ત્રિલોકીનાથે કહેલી દ્રવ્ય અને પર્યાની વાતો કોઈ અલૌકિક છે. એકાંત દ્રવ્યને માને અને પર્યાયને ન માને તો નિશ્ચયાભાસી થઈ જાય છે અને એકાંત પર્યાયને માને અને દ્રવ્યને ન માને તો વ્યવહારાભાસી થઈ જાય છે.

અહીં કહે છે કે એક રાજાનું સેના-સમુદાયમાં વ્યાપવું અશક્ય છે તેમ એક જીવનું સમગ્ર રાગગ્રામમાં વ્યાપવું અશક્ય છે. નિયમસારના શુદ્ધભાવ અધિકારમાં ૩૮મી ગાથામાં જીવાદિ બહિર્તત્ત્વોને હેય કહ્યા છે. શુદ્ધભાવ કહો, ધ્રુવભાવ કહો, ભૂતાર્થ કહો, જ્ઞાયક કહો, સદૃશ્ય કહો, નિષ્ક્રિય કહો તે બધું એક છે. ત્રિકાળી એકરૂપ જ્ઞાયકભાવ તે જ ઉપાદેય છે. તે સિવાય અજીવ, રાગ-દ્વેષાદિ વિકાર આદિ બધું હેય છે. ૩૮મી ગાથામાં નવેય તત્ત્વોને હેય કહ્યાં છે. ત્યાં જીવ એટલે જીવની પર્યાય, અજીવ એટલે અજીવ સંબંધી જ્ઞાન અને પુણ્ય-પાપ આસ્રવ આદિની પર્યાયો બહિર્તત્ત્વ છે. સંવર-નિર્જરા અને મોક્ષ પણ અંતઃતત્ત્વ નથી, બહિર્તત્ત્વ છે, પણ તત્ત્વ તરીકે તો છે. ત્રિકાળી ધ્રુવદ્રવ્ય બંધને કે મોક્ષને કરતું નથી પણ તેનો અર્થ એમ નથી કે બંધ-મોક્ષ નથી.

સમ્યગ્દર્શનમાં ત્રિકાળી દ્રવ્યની પ્રતીતિ થાય છે તોપણ પર્યાયમાં દ્રવ્ય આવી જતું નથી. પર્યાય પર્યાય તરીકે રહીને દ્રવ્યની પ્રતીતિ થાય છે. પર્યાયદૃષ્ટિએ જુઓ તો પર્યાય જ સર્વસ્વ છે કેમ કે એક સમયની પર્યાય દ્રવ્ય, ગુણ, પર્યાય, છદ્રવ્ય આદિ બધાંને જાણી લે છે, કાંઈ બાકી રહેતું નથી. છતાં પર્યાય દ્રવ્યરૂપ થઈ જતી નથી કે દ્રવ્ય પર્યાયમાં આવી જતું નથી. દ્રવ્ય દ્રવ્યરૂપ રહે છે અને પર્યાય પર્યાયરૂપ રહે છે.

એક જીવનું સમસ્ત રાગગ્રામમાં વ્યાપવું અશક્ય છે. શુભ-અશુભરાગના

અસંખ્ય પ્રકાર છે તેમાં જીવ વ્યાપતો નથી. સ્વભાવ છે તે વિકારમાં કેમ વ્યાપે? અરે, વિકારમાં તો શું પણ નિર્વિકારી પર્યાયમાં પણ ધ્રુવ કેમ વ્યાપે? ધ્રુવ પરમ પારિણામિક સ્વભાવભાવ કદી કોઈ પર્યાયમાં આવતો જ નથી.

આહાહા...! આવી ભાષા અને આવા ભાવો વાડામાં ક્યાંય સાંભળવા પણ મળે તેમ નથી. રાગની ક્રિયા કરી કરીને મરી ગયા છે. રાગ વિનાનું આખું જીવદ્રવ્ય કેવું છે એ તો તેને ખબર પણ નથી.

ખરેખર તો જેનું લક્ષ વ્યવહારમાં ગયું અને વ્યવહારને જાણ્યો તે વ્યવહારી-જીવ છે. ૮મી ગાથામાં કહ્યું ને કે 'જે દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થાય છે તે આત્મા છે.' પણ આમ કહેવું તે પણ વ્યવહાર છે. અમે વ્યવહાર-વિકલ્પમાં આવ્યા છીએ તેથી વ્યવહારથી કહીએ છીએ પણ તે વ્યવહાર અમારે કે શ્રોતાએ કોઈએ અનુસરવા લાયક નથી. દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ ઉપર લક્ષ કરવાથી આત્મા પ્રાપ્ત થતો નથી માટે શ્રોતાએ અભેદ ઉપર લક્ષ કરવું.

આહાહા...! પંચમ-આરાના શ્રોતા પણ કેવા છે! પંચમ-આરામાં કેવળીનો તો વિરહ છે પણ ગુરુએ જેવો આત્મા સમજાવ્યો તેવો આત્માને જાણીને, અનુભવીને શ્રોતા કહે છે કે 'હવે અમે દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થયા છીએ. અમે અમારા આત્માનો અનુભવ કર્યો છે તેમાં અપ્રતિહત છીએ, પડવાના નથી. ભલે અત્યારે અમને કેવળીનો વિરહ છે પણ આત્માનો વિરહ અમને નથી.'

પાંચમી ગાથામાં આચાર્યદેવે પંચમ-આરાના શ્રોતાને જ કહ્યું છે ને કે અમે જે કહીએ છીએ તેને તું અનુભવથી પ્રમાણ કરજે અને ૩૮મી ગાથામાં શ્રોતા કહે છે કે અમે અનુભવથી આત્માને પ્રમાણ કર્યો છે, અમે દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થયા છીએ અને તેનાથી પડવાના નથી. જે મિથ્યાત્વનો મૂળથી નાશ કર્યો છે તે હવે ફરી આવવાનું નથી એમ અમે પંચમ-આરાના શ્રોતા પોકાર કરીને કહીએ છીએ.

ગજબ વાતો છે બાપા! સમયસારે તો કેવળજ્ઞાનીના વિરહ ભૂલાવ્યા છે. શું એના એક એક ભાવ!

સમજાવનાર સમજાવે છે તે પણ વ્યવહાર છે અને શ્રોતા સમજે છે તે પણ વ્યવહાર છે. કેમ કે બન્ને વિકલ્પમાં ઊભા છે. અંતરદૃષ્ટિ જેને પ્રગટ થઈ તે નિશ્ચય-જીવ છે પણ તે પર્યાયના જ્ઞાન તરફ લક્ષ કરે છે ત્યારે તે વ્યવહારમાં આવ્યો છે માટે વ્યવહારી જીવ છે. સ્વચૈતન્યનું નિશ્ચયજ્ઞાન થયું છે પણ રાગનું જ્ઞાન કરવા તરફ લક્ષ ગયું છે તે વ્યવહારી જીવ થયો છે.

[ અનુસંધાન માટે જુઓ પાનું-૧૪ ]

# ગણધરદેવ જેવો વિવેક જેને પ્રગટ થયો છે એવા સમકિતીનું સ્વરૂપ

(શ્રી સમયસાર નાટક ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં–૪)

શ્રી સમયસાર નાટકમાં આ મંગલાચરણના શ્લોકો ચાલ્યાં. તેમાં પહેલાં અરિહંત ભગવાનની સ્તુતિ કરી, સિદ્ધભગવાનની સ્તુતિ કરી પછી સાધુની સ્તુતિ કરી. તેમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ત્રણેય આવી ગયા. આમ પંચમેષ્ઠીની સ્તુતિ કરી પછી સમકિતીની સ્તુતિ કરે છે. તેના બે શ્લોકો તો આવી ગયા. હવે ત્રીજો શ્લોક આવે છે.

जाकै घट प्रगट विवेक गणधरकौसौ,
हिरदै हरखि महामोहकौं हरतु है ।
साचो सुख मानै निजमहिमा अडौल जानै,
आपुहीमैं आपनौ सुभाउ ले धरतु है ॥
जैसें जल–कर्दम कतकफल भिन्न करै,
तैसें जीव–अजीव विलछनु करतु है ।
आतम सकति साधै ग्यानकौ उदौ आराधै,
सोई समकिती भवसागर तरतु है ॥ ८ ॥

જુઓ આ સમ્યગ્દર્શન! તેનું સ્વરૂપ અને સ્તુતિ કહેવાય છે. જેના હૃદયમાં ગણધર જેવો સ્વ–પરનો વિવેક પ્રગટ થયો છે તે સમ્યગ્દષ્ટિ છે. કારણ કે બે ચીજ ન હોય તો ભૂલ કેમ થાય? પોતાનું જેવું સ્વરૂપ છે તેવું જાણવામાં ન આવે એટલે બીજી ચીજને પોતાની માને એ જ મિથ્યાદષ્ટિ છે. દ્વૈત હોય ત્યાં જ ભૂલ હોય અને તેમાંથી ભિન્ન પડે ત્યારે ભૂલ ટળે.

વિવેક એટલે ભેદજ્ઞાન—સ્વ-પરની જુદાઈ. આત્મા આનંદસ્વરૂપ છે અને વિકલ્પ આકુળતાસ્વરૂપ છે માટે વિકલ્પથી માંડીને બધી પરચીજ આત્માથી ભિન્ન છે, એવો ગણધર જેવો વિવેક સમ્યગ્દષ્ટિને પ્રગટ થયો છે. તે પછી ભલે મનુષ્ય હોય, પશુ હોય, નારકી કે દેવ હોય, સ્ત્રી પર્યાયમાં હોય પણ તે સમ્યગ્દષ્ટિ છે તો તેને ગણધર જેવો વિવેક પ્રગટ્યો છે.

અહો! ક્યાં તીર્થંકરપ્રભુના વજીર સમા ગણધરદેવ, જે અંતર્મુહૂર્તમાં બાર અંગની

રચના કરે છે અને કયાં સમ્યગ્દૃષ્ટિ! છતાં શ્રદ્ધામાં વિવેક બંનેનો એકસરખો છે. કયાં ગણધર, કયાં સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય, પશુ અને નારકી. પણ એ બધાંના જ્ઞાનમાં સ્વ-પરનો વિવેક એકસરખો પ્રગટ થયો છે. તેમના સમ્યક્ત્વ અને ભેદજ્ઞાનમાં કાંઈ ફરક નથી.

રાગ, શરીર અને કર્મથી ચૈતન્યનું સ્વરૂપ તદ્દન જુદું છે એવું જ્ઞાન થયું છે તેથી તેના હૃદયમાં એટલે જ્ઞાનમાં આત્માનુભવથી હરખ થયો છે. આ હરખ એટલે દુનિયાના હરખની વાત નથી. આ તો આનંદસ્વરૂપ આત્માના અનુભવથી થયેલો હરખ છે. આવા સમ્યગ્દૃષ્ટિને સ્વ-પરનો અને સ્વભાવ-વિભાવનો વિવેક થવાથી મિથ્યાત્વ નષ્ટ થઈ જાય છે. સ્વભાવનો અનુભવ કરીને આનંદ આવ્યો છે તેને લઈને મહા મોહરૂપ મિથ્યાત્વનો નાશ કરે છે. ગૃહસ્થાશ્રમમાં રહ્યાં છતાં જીવ અને અજીવ, સ્વભાવ અને વિભાવનું ભેદજ્ઞાન થતાં ઇન્દ્રિયો અને તેના વિષયોમાં આનંદ માનતો નથી. મિથ્યાત્વરૂપ ભ્રમણાનો નાશ કરવા માટે આ એક જ ઉપાય છે 'ભેદજ્ઞાન'.

ભેદજ્ઞાન થતાં મિથ્યાત્વનો નાશ અને સમકિતની પ્રાપ્તિ બંને એક સાથે થાય છે. ભેદજ્ઞાન થતાં મિથ્યાત્વ અને અજ્ઞાન બંનેનો નાશ થાય છે. ભલે શ્રદ્ધા અને જ્ઞાન ગુણ જુદાં હોય પણ કાર્ય એક સાથે થાય છે. જુઓ ને લખ્યું છે '**महामोहकौं हरतु है**' ચૈતન્યસ્વરૂપમાં આરૂઢ થતાં મિથ્યાત્વ ઉત્પન્ન જ થતું નથી તેથી તેનો નાશ કર્યો એમ કહેવાય છે.

આત્મા આનંદની મૂર્તિ છે અને રાગ તે આકુળતા છે. ભલે શુભરાગ હોય તે પણ આકુળતા છે. તેથી રાગની એકતા હતી ત્યાં સુધી દુઃખી હતો અને વિકલ્પની આકુળતા અને આત્માની આનંદતાનો ભેદ પાડતાં સુખી થાય છે. આ સમકિત અને ભેદજ્ઞાન છે.

**साचो सुख माने**....સમકિતી-ધર્મની શરૂઆતવાળો જીવ કે જેણે જન્મ-મરણના કારણરૂપ ભાવનો નાશ કર્યો છે તે સ્વાધીન આત્માના આનંદમાં જ સુખ માને છે. તે ધર્મીજીવ પુણ્ય-પાપના રાગમાં કે સ્ત્રી, પુત્ર પરિવારમાં કે રાજપાટ, ઇન્દ્રના ઇન્દ્રાસનમાં સુખ માનતો નથી. કેમ કે તેમાં સુખ છે નહિ.

બહુ ટૂંકા શ્લોકોમાં માલ ઘણો ભરી દીધો છે.

નિજ મહિમા અડોલ જાને—પોતાના અનંતગુણોની મહિમા પાસે બીજા કોઈની મહિમા તેની શ્રદ્ધામાં આવતી નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એવા ઊંચા શુભ-ભાવની પણ જ્ઞાનીને મહિમા આવતી નથી. અને પોતાના જ્ઞાન, આનંદાદિ અનંતગુણ-સ્વરૂપ આત્માની મહિમા અડોલ, હલે નહિ તેવી નિઃશંક હોય છે. આઠ વર્ષની કન્યા સમકિત પામી હોય તો તેને પણ આવી નિઃશંક શ્રદ્ધા હોય છે. સમકિત કયાં કોઈ

બીજાની ચીજ છે? પોતાની જ ચીજ છે. પોતે શુદ્ધ ચૈતન્યકંદ, આનંદનો દળ, અસ્તિત્વવાળી વસ્તુ છે. એવો અંતરમાં વિવેક થતાં તેને પોતાના ગુણની જ મહિમા અડોલપણે ભાસે છે. શરીર સુંદર હો કે વાણી કોમળ હો કે ચક્રવર્તીના રાજ હો પણ કોઈની મહિમા અંતરમ આવતી નથી.

શ્રોતાઃ—અંતરમાં મહિમા આવતી નથી એટલે?

ગુરુદેવશ્રીઃ—એટલે બહારથી ભલે કદાચ બોલે કે આનો કંઠ બહુ મીઠો છે, શરીર બહુ સુંદર છે પણ અંતરમાં તેની મહિમા જ્ઞાનીને ન હોય.

**आपुहीमें आपनौ सुभाउ ले धरतु है।** આત્મા પોતાના જ્ઞાન-દર્શનાદિ સ્વભાવને પોતામાં ધારણ કરે છે. પોતાનો જાણવાનો ભાવ, શ્રદ્ધવાનો ભાવ, ઠરવાનો ભાવ, આનંદનો ભાવ તેને ધારે છે પણ ધર્મી રાગાદિભાવોને પોતામાં ધારતો નથી. વ્યવહારને-દયા, દાનાદિ વિકલ્પને પોતાનામાં ધારતો નથી. પોતાના ગુણોની નિર્મળ પર્યાય પ્રગટ કરીને ધર્મી તેને ધારે છે, રક્ષા કરે છે પણ પુણ્ય-પાપના રાગને ધારતો કે રક્ષતો નથી. શ્રીમદ્‌માં આવે છે કે સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ અને પરદ્રવ્યનું ધારકપણું ત્વરાથી તજો. ધર્મી નિર્મળ પર્યાય પ્રગટ કરીને ધારે છે પણ પુણ્ય-પાપના રાગને ધારતા નથી. ધર્મી રાગના ધારક નથી, રક્ષક નથી પક્ષક નથી, ભોગવનાર પણ નથી.

ભારે વાત છે ને! ધર્મી ઇન્દ્ર, ચક્રવર્તી હોય તેને વૈભવના પાર ન હોય, અત્યારે તો કોઈને એવા વૈભવ નથી. ચક્રવર્તીને દેવ આવીને પાંચ બંગલા બનાવી દે છે. તે બંગલા પણ મોટા અને અલૌકિક હોય, ચારે બાજુ અંદરમાં હીરા-માણેક જડયાં હોય, એક એક હીરાની અબજોની કિંમત હોય. એવા અનેક પ્રકારના વૈભવ હોય પણ ધર્મી જાણે છે કે એ વૈભવો મારા નહિ અને હું તેનો નહિ, હું તેને રાખતો નથી, ધારતો નથી, મેં તેને પ્રગટ કર્યા નથી, હું તેનો રક્ષક નથી તે મારા રક્ષક નથી.

જેમ મેલાં પાણીમાં કતકફળ નાંખવાથી પાણી અને કાદવ જુદાં પડી જાય છે તેમ ભેદજ્ઞાન કરવાથી રાગ અને નિર્વિકલ્પ ભગવાન આત્મા બંને જુદાં પડી જાય છે. માટે આ ભેદજ્ઞાન જ કરવાનું છે અને જેણે કર્યું છે તેની દશા આવી હોય છે તેમ અહીં કહેવામાં આવ્યું છે. ભેદજ્ઞાન વગર સમકિત કયારેય કોઈને થતું નથી.

નિર્મળી ઔષધિ જે કતકફળ તે પાણીમાં નાંખવાથી કાદવ નીચે બેસી જાય છે અને પાણી નિર્મળ થઈ જાય છે તેમ ભેદજ્ઞાનરૂપ—પ્રજ્ઞાછીણીરૂપ નિર્મળી ઔષધિ વડે બહિર્મુખી લાગણીઓ અને અંતર્મુખી સ્વભાવ બંનેને ભિન્ન જાણીને ધર્મી જીવ શુદ્ધતાનો અનુભવ કરે છે. '**जीव-अजीव विलछनु करतु है**' એટલે જીવ-અજીવને જુદાં પાડી દે છે. તેમાં અજીવ શબ્દમાં રાગાદિ બધાં ભાવ આવી જાય છે. ચૈતન્ય ભગવાન

જ્ઞાયકસ્વભાવનું દળ આનંદમૂર્તિ આત્મા અને રાગાદિ અજીવ એ બન્ને ને ભેદજ્ઞાન વડે જુદાં પાડવામાં આવે છે. જુઓ! કર્મ વડે કે કોઈ પરદ્રવ્ય વડે સ્વ-પરને જુદાં પાડી શકાતાં નથી પણ ભેદજ્ઞાનની ક્રિયાવડે જીવ-અજીવ અને સ્વભાવ-વિભાવને જુદાં પાડી શકાય છે.

**आतम सकति साधै** એટલે જ્ઞાન, દર્શન, આનંદની શક્તિને સાધે. ભલે લડાઈ આદિમાં ઊભા હોય પણ જ્ઞાન-દર્શનાદિ શક્તિને સાધે છે અને જ્ઞાનને એટલે આત્માનો પ્રકાશ કરે છે. તે જ સમ્યગ્દૃષ્ટિ સંસાર-સમુદ્રથી પાર થાય છે.

જુઓ! આ લખનાર બનારસીદાસજી પોતે એક કવિ છે અને જ્ઞાની છે. ગૃહસ્થાશ્રમમાં રહેલાં હતાં. ત્રણ વાર લગ્ન થયાં હતાં. નવ બાળકો થયેલાં પણ બધાંય મરી ગયાં. જગતની ચીજો છે ભાઈ! પોતાના કારણે આવે અને પોતાના કારણે જાય. ગઢડાવાળા એક ભાઈને એવું બનેલું કે પરદેશ કમાવા ગયેલો ત્યાં કમાણો, પરણ્યો, છોકરા થયાં, એકલો હતો તેમાંથી ૧૨ જણા થયાં અને વળી બધાં ચાલ્યાં ગયાં, પૈસો પણ ગયો અને પોતે એકલો ગયેલો તેમ એકલો પાછો આવ્યો. એ શું બતાવે છે કે પરચીજની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. ધર્મી પણ વેપાર, પરિવાર આદિમાં દેખાય પણ તેની સાથે તેને કાંઈ સંબંધ નથી. આવા સમકિતી જીવો જ ચોરાશીના અવતારરૂપ ભવજળમાંથી તરી જાય છે. સમકિત થયું તેનો અલ્પકાળમાં કેવળજ્ઞાન થઈને મોક્ષ થવાનો જ છે :—

કોઈ એમ કહે કે વ્રત, તપ, ક્રિયા આદિ કરીએ છીએ માટે સંસાર તરી જશું, ભવપાર થઈ જઈશું. તો કહે છે હરામ છે જો એક પણ ભવ ઘટે તો! આત્માની અંતરદૃષ્ટિ, જ્ઞાન અને અનુભવ વિના મોક્ષ તો ન થાય પણ એક ભવ પણ ઓછો ન થાય.

આ ત્રણ, સમકિતીની સ્તુતિના શ્લોક થયાં. હવે તેની સામે વિપરીત દૃષ્ટિવાળો મિથ્યાદૃષ્ટિ કેવો હોય તે ઓળખાવે છે.

धरम न जानत बखानत भरमरूप,
ठौर ठौर ठानत लराई पच्छपातकी ।
भूल्यौ अभिमानमैं न पाउ धरैं धरनीमैं,
हिरदैमैं करनी विचारै उतपातकी ॥
फिरै डांवाडोलसौ करमके कलोलिनिमैं,
व्है रही अवस्था सु बधूलेकैसे पातकी ।
जाकी छाती ताती कारी कुटिल कुवाती भारी,
एसौ ब्रह्मघाती है मिथ्याती महापातकी ॥९॥

અજ્ઞાની જીવ ધર્મના સ્વરૂપને જાણતો નથી. ભગવાન આત્મા ચૈતન્યનું દળ છે, આત્મા ધર્મી છે અને જ્ઞાન, આનંદ આદિ તેના ધર્મ છે, તેનાથી અજ્ઞાની અજાણ છે. તે કહે છે અમારે વસ્તુના સ્વરૂપને જાણીને શું કામ છે? અંધારામાં પણ ગોળ તો ગળ્યો જ લાગે માટે અમારે જાણવાની કાંઈ જરૂર નથી. અરે ભાઈ! ગોળ ખાવા જતાં અંધારામાં ઝેર આવી જશે તો?—મરી જઈશ. તેમ વસ્તુના સ્વરૂપને નહિ જાણ તો વિપરીત સ્વરૂપને પોતાનું માનીને મરી જઈશ. રાગના ભાવને આત્માનો ભાવ જાણનારો અજ્ઞાની ઝેર ખાય છે.

મિથ્યાદૃષ્ટિ જે કાંઈ કથન કરે, કાંઈ પણ ભાવ કરે તે વિપરીત શ્રદ્ધાવાળા-મિથ્યાત્વમય જ હોય છે અને તે મિથ્યાત્વની ભ્રમણાને જ વખાણતો હોય છે. ઠેકઠેકાણે અજ્ઞાની એકાંતનો પક્ષ લઈને લડાઈ કરતો હોય છે કે નહિ, આમ નહિ, આમ જ હોય. અજ્ઞાનીના લક્ષણ જ આવા બધા હોય છે.

**भूल्यो अभिमानमैं न पाउ धरै धरनीमैं ।** મિથ્યાત્વીજીવ અભિમાનમાં ડોલતો હોય છે. એવો ડોલે છે કે ધરતી ઉપર પગ ટેકવતો નથી. જાણે અમે જ કાંઈક છીએ. મિથ્યાદૃષ્ટિ જીવના હૃદયમાં કાંઈક કરી નાંખવાનો ઉત્પાત જ ભર્યો હોય છે એટલે આકુળ-વ્યાકુળ....આકુળ-વ્યાકુળ થયા કરે છે. આમ કરી નાખું, તેમ કરી નાખું, એમ કરણી જ વિચાર્યા કરે છે. ચિત્તમાં ઉપદ્રવનો જ વિચાર કરીને તોફાન મચાવતા હોય છે.

મિથ્યાદૃષ્ટિ જીવ કર્મના ઉદયમાં જોડાવાથી સંસારમાં ડામાડોળ થઈને ફરે છે અર્થાત્ અંતરમાં એટલા કષાયનું જોર હોય છે કે વિશ્રામ પામતો નથી. તેની દશા તો એવી થઈ રહી છે જેવી વંટોળિયામાં પાંદડાની દશા હોય છે. મિથ્યાત્વ અને કષાયના જોરમાં જાણે આને ખુશી કરી દઉં, આનો નાશ કરી નાખું, આનું આમ કરું એમ ડામાડોળ થયા કરે છે.

જેનું હૃદય ક્રોધથી તપ્ત છે, જેનું હૃદય લોભથી મલિન રહે છે, કોઈ પણ કામમાં એને લોભ-આશા હોય છે કે આમાંથી મને કંઈક મળશે, જેનું હૃદય માયાથી કુટિલ છે અને માનથી ભારે કુવચન બોલે છે. આવો આત્મઘાતી અને મહાપાપી મિથ્યાદૃષ્ટિ છે. કવિએ **ताती, कारी, कुटिल** અને **भारी** એવા શબ્દો વડે ચારેય કષાય-ક્રોધ, માન, માયા અને લોભયુક્ત મિથ્યાદૃષ્ટિ જીવની દશા વર્ણવી છે કે આવો મિથ્યાદૃષ્ટિ પરનો ઘાત તો કરે કે ન કરે પણ પોતાનો જ ઘાત કરી રહ્યો છે, માટે આત્મઘાતી છે-બ્રહ્મઘાતી છે અને મહાપાપી છે.

આ મંગલાચરણમાં કાંઈ મિથ્યાદૃષ્ટિનું કામ નથી પણ આ તો મિથ્યાદૃષ્ટિનું માત્ર સ્વરૂપ વર્ણવીને તેનું જ્ઞાન કરાવ્યું છે. હવે કવિ બનારસીદાસ સિદ્ધ ભગવાનને યાદ કરીને વંદન કરે છે.

वंदौं सिव अवगाहना, अरु बंदौं सिव पंथ ।
जसुप्रसाद भाषा करौं, नाटक नाम गरंथ ॥ १० ॥

હું સિદ્ધભગવાનને અને રત્નત્રયરૂપ મોક્ષમાર્ગને નમસ્કાર કરું છું, જેમના પ્રસાદથી દેશભાષામાં નાટક સમસાર ગ્રંથ રચું છું.

કોઈને એમ પ્રશ્ન થતો હોય કે સિદ્ધભગવાનને આકાર હોય કે નહિ? તેનો આમાં જવાબ આવી જાય એવી ભાષા વાપરી છે. 'वंदौं सिव अवगाहना', સિદ્ધ ભગવાન પણ આત્મા છે ને? માટે તેને પણ આકાર હોય છે. સિદ્ધપ્રભુ પોતાના અસંખ્ય પ્રદેશી પૂર્ણ નિર્મળ આનંદઘનની અવગાહનામાં રહેલા છે તેમને હું વંદન કરું છું અને સિવ પંથ એટલે રત્નત્રયને પણ વંદું છું. સમ્યગ્દર્શનને નમસ્કાર, સમ્યગ્જ્ઞાનને નમસ્કાર અને સમ્યક્ચારિત્રને નમસ્કાર. આમ મોક્ષ અને મોક્ષપંથને નમસ્કાર કરું છું કે જેના પ્રસાદથી હું આ ગ્રંથની રચના કરું છું. એમ નિર્માન થઈને કવિ કહે છે હું આ નાટક સમયસાર નામનો ગ્રંથ બનાવું છું.

હવે ૧૧મા શ્લોકમાં કવિ પોતાની દશાનું વર્ણન કરે છે :—

चेतनरूप अनूप अमूरत,
सिद्ध समान सदा पद मेरौ ।
मोह महातम आतम अंग,
कियौ परसंग महा तम घेरौ ।
ग्यानकला उपजी अब मोहि,
कहौ गुन नाटक आगमकेरौ ।
जासु प्रसाद सधै शिवमारग,
वेगि मिटै भववास वसेरौ ॥११॥

મારું સ્વરૂપ સદૈવ ચૈતન્યરૂપ, ઉપમારહિત, નિરાકાર સિદ્ધ સમાન છે. દ્રવ્યદૃષ્ટિએ હું આવો હોવા છતાં પર્યાયમાં મેં મારા અસંખ્ય પ્રદેશમાં મોહનો અંધકાર ફેલાવી દીધો હતો. કોઈ કર્મે મને આવી દશા કરી ન હતી પણ કર્મનો સંગ કરીને રાગનો સંગ કરીને આંધળો બની રહ્યો હતો. વસ્તુ સિદ્ધ સમાન શુદ્ધ છે પણ મોહના અંધકારમાં હું એવો અંધ બની ગયો હતો કે મને મારું સ્વરૂપ દેખાતું ન હતું.

નિશ્ચયથી મારું સ્વરૂપ સિદ્ધસદૃશ હોવા છતાં મેં જ મારાં આતમ-અંગમાં મોહનું માહાત્મ્ય લગાડયું હતું તેથી સ્વરૂપ દેખાતું ન હતું. મારી પર્યાયમાં મોહના અંધકારે

ઘેરો ઘાલ્યો હતો તેના સંગમાં એવો અંધ બની ગયો હતો કે શરીર, રાગાદિને જ મારા માનતો હતો. મારા સ્વરૂપને હું ઓળખતો જ ન હતો. પણ હવે મને જ્ઞાનની જ્યોતિ પ્રગટ થઈ છે તેથી શરીર અને રાગાદિને મારા માન્યાં હતાં તે ભ્રમણા હવે ટળી ગઈ છે. અજ્ઞાન ટળીને સ્વરૂપનું સમ્યગ્જ્ઞાન પર્યાયમાં પ્રગટ થયું છે.

હવે મને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે તેથી હું નાટક સમયસાર ગ્રંથ કહું છું. જેના પ્રસાદથી મોક્ષમાર્ગની સિદ્ધિ થાય છે અને જલદી સંસારનો નિવાસ અર્થાત જન્મ-મરણ છૂટી જાય છે.

જુઓ ! આ પોતાનો આત્મા ખાતરી આપે છે કે આ જ્ઞાનકળા પ્રગટી છે તેના પ્રસાદથી વેગે એટલે જલ્દી સંસારનો અંત આવી જશે. જેમાં ભવ નથી, ભવનો ભાવ નથી એવા સ્વભાવનું ભાન થયું તેને હવે ભવ કેવા ? અમે અલ્પકાળમાં સંસારથી મુક્ત થશું તેમાં કોઈની સહાય મદદની જરૂર નથી.

અનાદિથી ભવમાં વસી રહ્યા છે તેની દશા તો કેવી છે તે નજરે દેખાય છે ને ! પોતાનું શરીર પણ સાથ આપતું નથી. કેટલી દવા લેવી પડે છે ? દીકરા પણ સુખ દેતાં નથી. બે દિવસ આવી મળીને ચાલ્યાં જાય છે. અરે, પાસે રહે તોપણ તે સુખ દઈ શકતા નથી. કોઈ કોઈને સુખી કરવા સમર્થ નથી અને પોતે અજ્ઞાનથી અંધ છે, તેથી દુઃખી છે.

હવે ૧૨ માં શ્લોકમાં પોતાની લઘુતાનું વર્ણન કરે છે:—

जैसे कोऊ मूरख महा समुद्र तिरिवेकौं,
भुजानिसौं उद्यत भयौ है तजि नावरौ ।
जैसे गिरि ऊपर विरखफल तोरिवेकौं,
बावनु पुरुष कोऊ उमगै उतावरौ ॥
जैसे जलकुण्डमैं निरखि ससि-प्रतिबिम्ब,
ताके गहिवेकौं कर नीचौ करै टाबरौ ।
तैसैं मैं अलपबुद्धि नाटक आरंभ कीनौं,
गुनी मोहि हसैंगे कहैंगे कोऊ बावरौ ॥ १२ ॥

જેમ કોઈ મૂર્ખ મનુષ્ય નૌકા છોડીને પોતાના બાહુબળથી સમુદ્રને તરવાનો પ્રયત્ન કરે અથવા પહાડ ઉપર ઉગેલા વૃક્ષનું ફળ તોડવા માટે કોઈ ઠીંગણો પુરુષ જલદીથી ઉછળે-ઉત્સાહથી ઉતાવળ કરે તેવું આ મારું કાર્ય છે એમ કવિ નિર્માનતા બતાવે છે.

ટાવરો એટલે બાળક જેમ પાણીના કુંડમાં આકાશમાં રહેલા ચંદ્રનું પ્રતિબિંબ જોઈને તેને લેવા માટે હાથ નીચો કરે છે, પાણીમાં હાથ નાખીને ચંદ્રને પકડવાનો પ્રયત્ન કરે છે તેમ આ સમયસાર નાટક બનાવવાનું મહાકાર્ય મેં મંદબુદ્ધિવાળાએ શરૂ કર્યું છે. મારી બુદ્ધિ થોડી છે અને મેં કાર્ય મોટું શરૂ કર્યું છે.

કુંદકુંદઆચાર્ય, અમૃતચંદ્રઆચાર્ય કે જે આભના થોભ જેવા ધર્મધુરંધર મોટા આચાર્યો છે તેમણે સમયસાર જેવું મહાન શાસ્ત્ર રચ્યું તેને હું અલ્પબુદ્ધિ હોવા છતાં પદ્યમાં રચવાનું કામ મેં શરૂ કર્યું છે, તેથી ગુણીજનો–વિદ્વાન લોકો તો મને હસશે કે અરે, આ કાંઈ તારું કામ છે! આ શું તું લઈને બેઠો? શું તું પાગલ થઈ ગયો છો કે આ મહાન આચાર્યોના શાસ્ત્રને તું પદ્યમાં લખવા બેઠો? એમ વિદ્વાનો મને પાગલ કહેશે તો ભલે મને પાગલ કહો પણ હું તો ભક્તિથી આ શાસ્ત્ર લખવા માંગુ છું.

—*— (ક્રમશઃ)

[ રાગગ્રામમાં...પેઈજ નં. ૬ થી ચાલુ ]

ઝીણું પડે પણ ભાઈ! આ કાળે આ મનુષ્યદેહે નહિ સમજે તો ક્યારે સમજશે? વીતરાગનો મારગ તો આ છે બાપુ!

પરમાર્થે તો જીવ એક જ છે માટે અધ્યવસાન આદિ ભવોને જીવ કહેવા તે વ્યવહાર છે.

હવે ૪૯મી ગાથા આવે છે. દિવસો સારા આવ્યા અને ગાથા પણ ઊંચી આવી. આ ગાથા અધ્યાત્મના બધાં શાસ્ત્રોમાં આવે છે.

હવે શિષ્ય પૂછે છે કે અધ્યવસાન આદિ ભાવો ત્રિકાળી જીવ નથી તો તે એક, ટંકોત્કીર્ણ, પરમાર્થસ્વરૂપ જીવ કેવો છે? અને તેનું લક્ષણ શું છે?

જુઓ! આટલું સાંભળ્યું એટલે શિષ્ય પણ એટલો તૈયાર થઈ ગયો કે તેને આટલું પૂછવાનો પ્રયત્ન આવ્યો છે કે આ શુદ્ધ, બુદ્ધ, પર્યાયના ભંગભેદથી પણ રહિત આત્મા કેવો છે.

આ બધું જાતે વાંચીને સમજાય તેવું નથી. બહુ ઝીણી વાતો છે. ઘણો પરિચય અને ઘણો અભ્યાસ હોય ત્યારે તો હજુ ખ્યાલમાં આવે કે આમાં શું કહેવા માગે છે.

અહીં તો અધ્યવસાનથી માંડીને સર્વ ભાવો જીવ નથી એમ લીધું છે એટલે રાગની એકતા તૂટી ગયા પછી જે રાગ રહે તેનાથી પણ જીવ જુદો છે. એવો શુદ્ધ, એક, ટંકોત્કીર્ણ, પરમાર્થસ્વરૂપ જીવ કેવો છે? સમ્યગ્દર્શનનો વિષય એવો નિત્યાનંદ પ્રભુ, જિનબિંબ, જિનસ્વરૂપ એવો આત્મા કેવો છે? તેનું લક્ષણ શું છે એમ અમૃતચંદ્ર આચાર્ય પોતે શિષ્યના મુખમાં પ્રશ્ન મૂકે છે તેના ઉત્તરરૂપ આ ૪૯મી ગાથા છે. તે પછી આવશે. □

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ, ધર્મઅનુપ્રેક્ષા ચાલે છે. આત્માના જ્ઞાનાનંદસ્વભાવની સન્મુખ રુચિ રાખીને ધર્મી જીવ બાર ભાવનાનું ચિંતવન કરીને અંતરમાં એકાગ્રતા વધારે છે, તે સંવર છે. અંતરદૃષ્ટિ વગર આવી ભાવના યથાર્થ હોય નહીં. અહીં ધર્મભાવનામાં પહેલાં સર્વજ્ઞને સિદ્ધ કરે છે. સર્વજ્ઞને ન માને તેને ધર્મની ભાવના હોય નહીં, કેમકે ધર્મનું મૂળ તો સર્વજ્ઞ છે.

જે જીવ સર્વજ્ઞને નથી માનતો તેને કહે છેઃ—

यदि न भवति सर्वज्ञः ततः कः जानाति अतीद्रिंयं अर्थम् ।
इन्द्रियज्ञानं न जानाति स्थूलं अपि अशेषपर्यायम् ॥३०३॥

અર્થઃ—હે સર્વજ્ઞના અભાવવાદી! જો સર્વજ્ઞ ન હોય તો અતીન્દ્રિય પદાર્થો —ઇન્દ્રિય ગોચર નથી એવા પદાર્થોને કોણ જાણે? ઇન્દ્રિયજ્ઞાન તો ઇન્દ્રિયોના સંબંધમાં આવેલા વર્તમાન સ્થૂલ પદાર્થોને જાણે છે. તેના પણ સમસ્ત પર્યાયોને તે જાણતું નથી.

આત્માનો જ્ઞાનસ્વભાવ છે તે જ્ઞાનસ્વભાવની પ્રતીત કરીને તેમાં એકાગ્ર થતાં એવું પરિપૂર્ણ જ્ઞાન પ્રગટે છે કે સર્વ પર્યાયોને તે જાણે છે. જે જીવને આવા જ્ઞાનસ્વભાવની પ્રતીત થાય તેને સર્વજ્ઞની પ્રતીત તો હોય જ. છએ પદાર્થો અતીન્દ્રિય જ્ઞાનનો વિષય છે. જો સર્વજ્ઞ ન હોય તો તે અતીન્દ્રિય પદાર્થોને કોણ જાણે? આત્મા અમૂર્ત અતીન્દ્રિય છે તથા મૂળ પુદ્‌ગલદ્રવ્ય પણ સૂક્ષ્મ અતીન્દ્રિય છે. એ રીતે છએ પદાર્થો અતીન્દ્રિય છે. ઇન્દ્રિયજ્ઞાનથી તે જણાતા નથી. જો સર્વજ્ઞ ન હોય તો આ છ પદાર્થોને કોણ જાણે? છએ દ્રવ્યો જગતમાં સત્ છે તો તેનું જ્ઞાન પણ હોવું જ જોઈએ. એવું જ્ઞાન સર્વજ્ઞને છે.

જુઓ ઘણાં કહે છે કે સંસારદશામાં આત્મા મૂર્ત થઈ ગયો છે તો તેની વાત જૂઠી છે. આત્મા ત્રણે કાળે અમૂર્ત જ છે. જો અત્યારે આત્મા કર્મના સંગથી મૂર્ત થઈ ગયો હોય તો તો મોક્ષ પણ મૂર્ત દ્રવ્યનો જ થાય એટલે મોક્ષમાં આત્મા તો ન રહ્યો. આત્મા તો અમૂર્ત સ્વભાવી અતીન્દ્રિય જ્ઞાનનો જ વિષય છે. વળી ભૂત–ભવિષ્યના પદાર્થો તેમ જ દૂર ક્ષેત્રે રહેલા પદાર્થો તે ઇન્દ્રિય જ્ઞાનથી જણાતા નથી, તો તેના જાણનાર કોઈક હોવા તો જોઈએ, તે સર્વજ્ઞ જ્ઞાનથી જણાય છે. જો સર્વજ્ઞ ન હોય તો

'જગતમાં અતીન્દ્રિય પદાર્થો છે' એમ ક્યાંથી જણાય? સર્વજ્ઞ વિના તેને કોણ જ
વળી ધર્મ અને અધર્મ તથા તેના ફળરૂપ મોક્ષ સ્વર્ગ કે નરક તે બધા પણ અતી
છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગપર્યાય તે અતીન્દ્રિય છે. તેમ જ પુણ્ય-પ
ભાવ પણ અતીન્દ્રિય છે. એને સર્વજ્ઞ વિના કોણ જાણે? માટે જગતમાં સર્વજ્ઞ
એમ નક્કી કરવું જોઈએ. સર્વજ્ઞનો નિર્ણય કરીને પછી તેમના કહેલા તત
નિર્ણય કરો.

સર્વજ્ઞદેવે કહેલા ધર્મનું વર્ણન કરે છે.

तेन उपदिष्टः धर्मः सङ्गासक्तानां तथा असङ्गानां ।
प्रथमः द्वादशभेदः दशभेदः भाषितः द्वितीयः ॥३०४॥

અર્થઃ—એ સર્વજ્ઞદેવથી ઉપદેશિત ધર્મ બે પ્રકારથી છે: એક તો સં
આસક્ત ગૃહસ્થનો અને બીજો અસંગ મુનિનો. ત્યાં પ્રથમ ગૃહસ્થનો ધર્મ તો
ભેદરૂપ તથા મુનિનો ધર્મ દશ ભેદરૂપ છે. ૩૦૪.

તેમાં ગૃહસ્થ ધર્મના બાર ભેદ છે તે કહે છેઃ—

सम्यग्दर्शनशुद्धः रहितः मद्यादिस्थूलदोषैः ।
व्रतधारी सामायिकः पर्वव्रती प्रासुकाहारी ॥३०५॥

रात्रिभोजनविरतः मैथुनसारम्भसंङ्गत्यक्तः च ।
कार्यानुमोदविरतः उद्दिष्टाहारविरतः च ॥३०६॥

અર્થઃ—સમ્યગ્દર્શન શુદ્ધ છે જેને એવા (૧) મદ્યાદિક સ્થૂલ દોષોથી ર
દર્શનપ્રતિમા ધારક (૨) પાંચ અણુવ્રત—ત્રણ ગુણવ્રત—ચાર શિક્ષાવ્રત એવા બાર
સહિત વ્રતપ્રતિમાધારી (૩) સામાયિક પ્રતિમાધારી (૪) પર્વવ્રતી (પોષધોપવ
પ્રતિમાધારી) (૫) પ્રાસુક-આહારી (૬) રાત્રિભોજનત્યાગી, (૭) મૈથુનત્ય
(૮) આરંભત્યાગી (૯) પરિગ્રહત્યાગી (૧૦) કાર્યાનુમોદના રહિત (૧૧) ઉદ્દિષ્ટાહાર વિર
એ પ્રમાણે (અગિયાર પ્રતિમા અને એક શુદ્ધ સમ્યગ્દર્શન મૂળ મળી) શ્રાવકધર્મના
ભેદ છે. તેમાં પ્રથમ ભેદ તો પચ્ચીસ મળદોષરહિત શુદ્ધ અવિરત સમ્યગ્દર્શન છે
બાકીના અગિયાર ભેદ પ્રતિમાઓના વ્રતો સહિત હોય તે વ્રતી શ્રાવક છે. ૩૦૫-૩

જુઓ, સૌથી પહેલાં તો શુદ્ધ સમ્યગ્દર્શન તે જ ગૃહસ્થોનો ધર્મ છે. સમ્યગ્દ
વગર તો કોઈ પ્રકારનો ધર્મ હોતો નથી. અહીં નિશ્ચય શ્રદ્ધાને જ શુદ્ધ સમ્યગ્દ
કહ્યું છે. દેવ-શાસ્ત્ર-ગુરુની વ્યવહાર શ્રદ્ધા તે શુભરાગ છે. તે ખરેખર શુદ્ધ સમ્યગ્દર્શ

નથી, તેથી અહીં શુદ્ધ સમ્યગ્દર્શન કહીને શુદ્ધાત્માની શ્રદ્ધારૂપ નિશ્ચય સમ્યગ્દર્શનની વાત લીધી છે. ધર્મનો સૌથી પહેલો ભેદ આવું શુદ્ધ સમ્યગ્દર્શન છે. ચારિત્ર તે ધર્મ છે ને સમ્યગ્દર્શનને પણ ધર્મ કહ્યો છે. સમ્યગ્દર્શન તે પહેલો ધર્મ છે, ને પછી અગીયાર પડિમાઓ હોય છે. એ રીતે કુલ ૧૨ ભેદ ગૃહસ્થ ધર્મના હોય છે. ગૃહસ્થને માટે બીજો કોઈ ધર્મ નથી. તેને પ્રથમ સમ્યગ્દર્શન હોવું જોઈએ. સમ્યગ્દર્શન પછી જ પાંચમાં ગુણસ્થાનની પડિમાઓ હોય છે.

પહેલી દર્શનપડિમા છે. તેમાં મદ્ય માંસાદિક સ્થૂળ દોષોનો ત્યાગ હોય છે. કોઈ એમ કુતર્ક કરે કે દર્શનપડિમાવાળાને મદ્યાદિકનો ત્યાગ કહ્યો તો ત્યાર પહેલાં ચોથાગુણસ્થાને તે હોય? તેનો ઉત્તર:—એમ નથી; ચોથા ગુણસ્થાને પણ મદ્ય માંસ વગેરેના ભક્ષણનો ભાવ હોય નહીં; અરે ચોથા ગુણસ્થાન પહેલાં પણ પાત્ર જીવને મદ્યમાંસાદિનો ભાવ હોય નહીં. પુરુષાર્થસિદ્ધિ-ઉપાયમાં કહ્યું છે કે મદ્ય-માંસાદિનો જેને ત્યાગ નથી તે જીવ તો દેશનાને પણ પાત્ર નથી, પણ ચોથા ગુણસ્થાન સુધી હજી કોઈ સૂક્ષ્મ અતિચાર લાગી જાય છે ને દર્શનપડિમાવાળા શ્રાવકને તો નિરતિચારપણે મદ્ય માંસાદિનો ત્યાગ હોય છે. માંસાદિનો સીધો ખોરાક તો સમ્યગ્દષ્ટિને હોય જ નહીં ને પાંચમાં ગુણસ્થાને તો એ કષાય ચોકડીનો નાશ થઈ ગયો છે

બીજી વ્રતપડિમા છે, ત્યાં સ્વભાવના આશ્રયે શુદ્ધતા વધતાં ઘણો રાગ મંદ થઈ જાય છે. દ્રવ્યના આશ્રયે શુદ્ધતા વધે છે તે અનુસાર પડિમા હોય છે. પાંચમાં ગુણસ્થાનમાં શુદ્ધતાના પણ અસંખ્ય પ્રકાર પડે છે. સૂક્ષ્મતાએ અનંત પ્રકાર પડે છે. પણ તે બધી શુદ્ધતા અંતરમાં દ્રવ્યના અવલંબને છે. પાંચમાં ગુણસ્થાને પડિમા હોય છે. તેમાં બીજી વ્રતપડિમા છે. ત્યાં બાર વ્રત હોય છે.

ત્રીજી સામાયિકપડિમા છે. શ્રાવક શુદ્ધાત્મા અંતરસ્વરૂપમાં એકાગ્રતાનો અભ્યાસ કરે છે તેમાં કોઈ કોઈ વાર તો શ્રાવકને સામાયિક વખતે અંતરમાં નિર્વિકલ્પ દશા થઈ જાય છે. અંતરમાં જ્ઞાયકસ્વરૂપમાં નિર્વિકલ્પ લીનતા જામી જાય છે.

ચોથી પ્રૌષધ-ઉપવાસપડિમા છે. તેમાં સ્વભાવના આશ્રયે વિશેષ શુદ્ધતા પ્રગટી છે. જેમ જેમ પડિમા વધે છે તેમ તેમ સ્વભાવનો અનુભવ વધતો જાય છે ને પ્રત્યાખ્યાનાવરણનો અનુભવ ઘટતો જાય છે. જેમ જેમ ચૈતન્યનો અનુભવ વધતો જાય છે તેમ તેમ જડનો અનુભાગ ઘટતો જાય છે. આવો નિમિત્ત-નૈમિતિક સંબંધ છે. પાંચમાં ગુણસ્થાને અનંતાનુબંધી તેમ જ અપ્રત્યાખ્યાનાવરણીય કષાયનો તો અભાવ જ છે ને જેમ જેમ શુદ્ધતા વધતી જાય છે તેમ તેમ પ્રત્યાખ્યાનાવરણીય કષાય પણ ઘટતો જાય છે.

સામાયિક હમેંશા હોય છે. પ્રૌષધ-ઉપવાસ પર્વ તિથિએ હોય છે ને છેવટે સંથારો

હોય છે.—આ રીતે શ્રાવકને ચૈતન્યના અનુભવનો અભ્યાસ હોય છે. વ્રત અને પડિમા તે તો અંતર સ્વભાવની શુદ્ધતાના પ્રકારો છે; તેને બદલે અજ્ઞાનીઓ શુદ્ધિને ભૂલીને બહારના ત્યાગમાં ને રાગમાં જ પડિમા વગેરે માની બેઠા છે. જેમ એક બાઈ ચોખા ખાંડતી હતી ત્યાં ચોખા નીચે હતા ને ફોતરાં ઉપર દેખાતાં હતાં, તે જોઈને બીજી મૂરખી બાઈએ વિચાર્યું કે આ બાઈ ફોતરાં ખાંડતી લાગે છે. એ જાણીને પોતે પણ ઘેર જઈને ફોતરાં ખાંડવા બેઠી. તેમ ધર્મી જીવને તો અંતરસ્વભાવની દૃષ્ટિપૂર્વક ભક્તિ વગેરેનો ભાવ આવે છે. ભગવાનનો જન્મ થતાં ઇન્દ્રો આવીને ભક્તિથી તાંડવ નૃત્ય કરે છે પણ તે વખતે અંતરસ્વભાવમાં દૃષ્ટિ પડી છે; ત્યાં અજ્ઞાની એકલી બહારની ક્રિયાને અને રાગને દેખે છે, ને પોતે ભક્તિ કરીને તેને ધર્મ માને છે પણ અંદરનું તેને ભાન નથી. જ્ઞાનીને તો અંદરની દૃષ્ટિ પડી છે તેને લીધે ધર્મ થાય છે, કાંઈ રાગને લીધે કે નાચવાને લીધે તેને ધર્મ થયો નથી. ચોથા ગુણસ્થાને એવો ભક્તિ–પૂજાનો ભાવ આવે છે જરૂર, પણ ધર્મ તો અંતરસ્વભાવની રુચિ અને એકાગ્રતામાં છે. અજ્ઞાની બહારથી ધર્મ માની લ્યે છે તે વસ્તુસ્વરૂપને સમજ્યો નથી.

પાંચમી પડિમામાં પ્રાસુક આહાર છે, એટલે કે ત્યાં સચિત આહારનો ભાવ હોતો નથી. અંતરસ્વરૂપમાં એટલો વીતરાગભાવ પ્રગટ્યો છે કે ત્યાં સદોષ આહારનો વિકલ્પ જ આવતો નથી, તેથી સચિત આહાર છોડ્યો એમ કહેવાય છે. પ્રાસુક આહારી કહેવામાં આહાર કરવા ઉપર વજન નથી, પણ સચેત આહારનો ભાવ તેને હોતો નથી એમ બતાવવું છે. ગૃહસ્થના ધર્મની અપેક્ષાએ આ સચિત ત્યાગ પડિમા તે છઠ્ઠો ધર્મ છે. પહેલો ધર્મ શુદ્ધ સમ્યગ્દર્શન છે. તેના વગર તો બીજો કોઈ ધર્મ હોતો નથી. આહાર તો જડ છે, તેને આત્મા ત્રણકાળમાં કદી ગ્રહતો કે છોડતો નથી. અજ્ઞાની કહે છે કે "**अनादि कालसे आत्मा कभी कर्मसे छूटा नहि.**" અહીં કહે છે કે "**निश्चयसे अनादिकालसे आत्मा कभी कर्मको छूता नहीं.**" આત્મા જડ પદાર્થોને કદી સ્પર્શતો નથી, તો તે આહારને ગ્રહે કે છોડે એ વાત ક્યાં રહી?

છઠ્ઠી પડિમામાં રાત્રિભોજનત્યાગ છે. સાતમી પડિમામાં મૈથુનત્યાગ છે, આઠમી પડિમામાં આરંભત્યાગ છે. નવમીમાં પરિગ્રહત્યાગ છે. દસમી પડિમામાં અનુમતિત્યાગ છે ને અગિયારમી પડિમામાં ઉદિષ્ટત્યાગ છે. આ પ્રમાણે શુદ્ધ સમ્યગ્દર્શન સહિતની અગિયાર પડિમાઓ મળીને કુલ બાર ભેદ ગૃહસ્થધર્મના છે. જુઓ આ બધા ભેદો અંતરસ્વભાવના અવલંબને શુદ્ધતા પૂર્વકના છે, સ્વભાવના ભાન વિના એકલો શુભરાગ કરે તેને કાંઈ પડિમા ન કહેવાય.

પહેલાં કુદેવ–કુગુરુ–કુશાસ્ત્રની માન્યતા છૂટી જાય. સમ્યગ્દર્શનના પચીસ દોષ રહિત શુદ્ધ સમ્યગ્દર્શન તો પ્રથમ હોવું જોઈએ. જ્ઞાનમદ, કુળમદ વગેરે દોષો સમ્યગ્દષ્ટિને

હોય નહીં. કેવળજ્ઞાનનો પિંડ આત્મા છે તેની જેને દૃષ્ટિ થઈ તેને અલ્પજ્ઞાનનો કે કુળ વગેરેનો ગર્વ આવે જ નહીં. અંતરસ્વભાવમાં ચૈતન્યનાં નિધાન દેખ્યા હોય તે જીવ બહારના પદાર્થથી પોતાની મોટાઈ માનતો નથી. નિયમસારમાં કહે છે કે:—

છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ, લબ્ધિ છે વિધવિધ અરે !
તે કારણે નિજપરસમય સહ વાદ પરિહર્તવ્ય છે. ૧૫૬.

અર્થ:—નાના પ્રકારના જીવો છે, નાના પ્રકારનું કર્મ છે, નાના પ્રકારની લબ્ધિ તેથી સ્વસમયો અને પરસમયો સાથે ( સ્વધર્મીઓ અને પરધર્મીઓ સાથે ) વચન-વિવાદ વર્જવયોગ્ય છે.

નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,
ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે. ૧૫૭.

અર્થ:—જેમ કોઈ એક ( દરિદ્ર માણસ) નિધિને પામીને પોતાના વતનમાં ( ગુપ્ત-પણે ) રહીને તેના ફળને ભોગવે છે, તેમ જ્ઞાની પરજનોના સમૂહને છોડીને જ્ઞાનનિધિને ભોગવે છે.

ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિપૂર્વક જ બાર ધર્મ હોય છે, તેમાં સૌથી પહેલો સમ્યગ્દર્શન ધર્મ છે, તે સમ્યગ્દર્શન વગેરે ધર્મોનું વર્ણન કરે છે. તેમાં અવિરતસમ્યગ્દૃષ્ટિનું વર્ણન કરતાં સમ્યગ્દર્શન પામનાર જીવ કેવો હોય? તેની યોગ્યતાનું વર્ણન કરે છે.

चतुर्गतिभव्यः संज्ञी सुविशुद्धः जाग्रत्यर्पाप्तः ।
संसारतटे निकटः ज्ञानी प्राप्नोति सम्यक्त्वम् ॥ ३०७ ॥

અર્થ:—આવો જીવ સમ્યક્ત્વને પામે છે કે જે પ્રથમ તો ભવ્યજીવ હોય, કારણ કે અભવ્યને સમ્યક્ત્વ થાય નહીં. વળી ચારે ગતિમાં સમ્યક્ત્વ ઊપજે છે; ત્યાં પણ મન સહિત સંજ્ઞીને ઊપજે છે પણ અસંજ્ઞીને ઊપજતું નથી; તેમાં પણ વિશુદ્ધ (શુભ) પરિણામી અને શુભલેશ્યા સહિત હોય; અશુભ લેશ્યામાં પણ શુભ લેશ્યા સમાન કષાય સ્થાનકોમાં હોય તેને પણ ઉપચારથી વિશુદ્ધ કહેવામાં આવે છે, પરંતુ સંક્લેશ પરિણામોમાં સમ્યક્ત્વ ઊપજતું નથી; જાગૃત અવસ્થામાં પણ નિદ્રાવસ્થામાં થાય નહીં; પૂર્ણ પર્યાપ્તિવાળાને થાય પણ અપર્યાપ્ત અવસ્થામાં થાય નહીં; સંસારકિનારો જેને નજીક વર્તતો હોય અર્થાત્ નિકટભવ્ય હોય, કારણ–અર્દ્ધપુદ્ગલ–પરાવર્તનકાળ પહેલાં સમ્યક્ત્વ ઊપજતું નથી; તથા જ્ઞાની હોય એટલે સાકાર ઉપયોગવાન હોય, કારણ કે નિરાકાર દર્શનોપયોગમાં સમ્યક્ત્વ ઊપજતું નથી. એવા જીવને સમ્યક્ત્વની ઉત્પત્તિ થાય છે. ૩૦૭.

નિદ્રામાં સમ્યગ્દર્શન ઊપજતું નથી; સમ્યગ્દર્શન પ્રગટ થતી વખતની આ વાત સમ્યગ્દર્શન થયા પછી નિદ્રા વગેરે હોય; ઊંઘતો હોય ને સમ્યગ્દર્શન પ્રગટી જાય એ ન બને. પણ સમ્યગ્દર્શન પ્રગટયા પછી તો ઊંઘ વખતે પણ તેનો કાંઈ નાશ થઈ જ નથી. ઊંઘ વખતે પણ સમ્યગ્દર્શન હોય છે. એ જ પ્રમાણે સમ્યગ્દર્શન પ્રગટ પર્યાપ્તદશામાં થાય. પણ પછી તો અપર્યાપ્તદશામાં પણ ક્ષાયિક સમ્યક્ત્વ હોય. સમ્યગ્દર્શ ઊપજની વખતે જ્ઞાન ઉપયોગ હોય છે. દર્શન ઉપયોગ નથી હોતો.—એ પ્રમાણે બ બોલ સમજી લેવા. આવી યોગ્યતા હોય તે જીવ સમ્યગ્દર્શન પામે છે ને પછી જ વ્ર પડિમા વગેરે હોય છે.

—*—

[ ક્રમશઃ

# વૈરાગ્ય સમાચાર :—

* વઢવાણનિવાસી (હાલ–અમદાવાદ) શ્રી કાંતિલાલ શાંતિલાલ શાહ (ના ભવાનવાળા) તા. ૭–૧૦–૯૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લંડનનિવાસી શ્રી કુલચંદભાઈ ભાઈચંદ માવાણી (વર્ષ–૮૦) તા. ૮–૮–૯૦ રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગરનિવાસી કનુબેન ઇન્દુલાલ દોશી (વર્ષ–૬૦) તા. ૧૪–૧૦–૯૦ રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી (હાલ–દાદર) શ્રી વૃજલાલ મોહનલાલ વોરાના ધર્મપત્ અ. સૌ. શ્રી કંચનબેન (વર્ષ–૭૬) ટૂંકી માંદગીથી તા. ૧૮–૧૦–૯૦ના રોજ સ્વર્ગવા પામ્યા છે. તેમને સોનગઢમાં સ્થાયી થવાની ભાવના હતી પણ તે પહેલાં જ તેમના આયુષ્યનો યોગ પૂરો થઈ ગયો.

* વઢવાણનિવાસી શાંતિલાલ દીપચંદ શાહ (વર્ષ–૮૧) તા. ૨૦–૧૦–૯૦ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી (હાલ-સુરેન્દ્રનગર) હસમુખભાઈ ચીમનલાલ વોરા (વર્ષ–૬૧ તા. ૩૧–૧૦–૧૦–૯૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનં ભવનાશક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ–ગુરુનું સ્મરણ જ્ઞાયકન રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ–ગુરુ- ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલ આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—*—

# 卐 ત્રૈલોકયદુઃખહર પ્રભુભક્તિ 卐

[ શ્રી ભક્તામર સ્તોત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

ઋષભદેવ ભગવાનની આ સ્તુતિ છે. આ અવસર્પીણી કાળમાં કર્મભૂમિની આદિમાં પ્રથમ તીર્થંકર થયા તેથી તેમનું નામ શ્રી આદિનાથ છે. અઢાર કોડાકોડી સાગરમાં મુનિપણાનો ધર્મ ન હતો, જુગલીયા હતા; તેથી ધર્મતીર્થની આદિના કર્તા હે પ્રભુ! આપ જ છો—એમ તેમને મુખ્ય કરીને તેમની ભક્તિ કરે છે. શુભરાગ વ્યવહારભક્તિ છે. આત્મા જ્ઞાનાનંદ છે તેનો સત્કાર કરવો, તેમા એકાગ્રતા થવી તે નિશ્ચયભક્તિ છે. જ્ઞાનીને આવી નિશ્ચયભક્તિ સહિત વ્યવહારભક્તિ હોય છે. ત્રણ કાળ ત્રણ લોકના સ્વરૂપને સર્વજ્ઞ જાણે છે એમ હું પણ જાણનાર સ્વભાવી છું. સ્વભાવ સન્મુખ થઈ એવું નક્કી કરવું તે નિશ્ચયભક્તિ છે અને સાથે ધર્માત્માને શુભરાગ આવે તે વ્યવહારભક્તિ છે.

આચાર્ય મહારાજને પોતાની ભક્તિનો આહ્લાદ આવ્યો છે તેમાં પોતાની વીતરાગી રુચિનો વિસ્તાર કરે છે. તેમાં ભગવાન નિમિત્ત માત્ર છે. આત્માનો પરમાર્થ સ્વભાવ જેવો શુદ્ધ છે, તેવો જેને રુચ્યો છે, તેને ભગવાન પ્રત્યે ભક્તિ આવ્યા વિના રહે નહીં.

માણસો કહે છે કે તમે ભગવાનની ભક્તિને ધર્મ કહેતા નથી, માત્ર પુણ્ય કહો છો, તો પછી જ્ઞાની શા માટે ભક્તિ કરે છે?

ભાઈ, તે પુણ્ય છે; પણ વીતરાગ દશા ન થાય ત્યાં સુધી અંતર નિશ્ચયરૂપ અભેદ ભક્તિની મુખ્યતા સહિત ભગવાન પ્રત્યે બહુમાનરૂપ આનંદ આવ્યા વિના રહેતો નથી; તે વ્યવહારભક્તિ છે.

અહીં ભક્તિમાં ઉપમા આપી છે કે જેમ સિંહ હરણના બચ્ચાને પકડે ત્યારે હરણની માતા પોતાની હીન શક્તિને ગણ્યા વિના જ તેની સામે થાય; તેમ અમનો આત્મભાન છે પણ અમે અલ્પજ્ઞ છીએ અને આપ તો પૂર્ણ ચૈતન્યપ્રતિમા થઈ ગયા છો, તેથી આપના પ્રત્યે શુભરાગ આવે છે, અનંત ગુણોનું અનુસરણ કરવાની શક્તિ નથી છતાં ભક્તિનો ઉત્સાહ બળપૂર્વક તેમ કરાવે છે. ત્યાં જૂના પાપોનું સંક્રમણ થઈને સહજ પુણ્ય થઈ જાય છે ને પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. છતાં તેનો દૃષ્ટિમાં નકાર છે. શ્રી માનતુંગ આચાર્યને ઓરડામાં પુરવામાં આવેલાં ને તેમણે ભક્તિ કરી ત્યાં તાળા તૂટ્યાં તેમ આ આત્મા અંતર્મુખ એકાગ્રતારૂપ નિશ્ચયભક્તિમાં ઉપયોગ લગાડે તો ૧૪૮ પ્રકૃતિના ઓરડાના બંધન તૂટી જાય છે. પ્રથમ શ્રદ્ધા થતાં જ આત્મભાન દ્વારા તે તૂટવા લાગે છે.

શાસ્ત્રજ્ઞ અજ્ઞ ગણીને હસતાં છતાંયે,
ભક્તિ તમારી જ મને બળથી વદાવે;
જે કોકિલા મધુર ચૈત્ર વિષે ઉચારે,
તે માત્ર આમ્રતરુ-મહોર તણા પ્રભાવે. ૬.

પ્રભુ! હું તો અતિ અલ્પજ્ઞ છું, અલ્પજ્ઞતાવાળો છું, વિદ્વાનોના હાસ્યરસમાં નિમિત્ત ગણાંઉ એવો છું, એમ કહી નિર્માનતા બતાવે છે. હે નાથ! હું અલ્પ જ્ઞાની છું, મને મારું ભાન વર્તે છે, મારા પૂર્ણ સ્વભાવનો અખંડ પ્રેમ વર્તે છે, પણ પૂર્ણ વીતરાગતા નથી, તેથી મારો ઉત્સાહ તમારા તરફ પણ વળે છે. જેમ વસંત ઋતુમાં કોમળ કુંપળ અને મંજરીના મહોર થાય છે ત્યાં તેની ખુશાલીમાં આવીને કોયલ ટહુકાર કરે છે, આંબાના મહોર અને મંજરી દેખી કોયલના કંઠમાં મીઠાસ આવે છે અને મધુરા મધુરા ટહુકાર કરે છે. તેમ હે ભગવાન! હું જઘન્ય જ્ઞાની છું. કયાં તમારી ઉત્કૃષ્ટ પવિત્ર પેઢીને કયાં હું પામર! તમારી પેઢીના મુનિમ તરીકે બેસું! જેમ અબજોપતિ સરાફની પેઢી હોય, ત્યાં ગાદી ઉપર કુંભાર જેવાને બેસાડે તેવું મારું નીચું પદ છે. પણ તે જઘન્યતાને હું ઘડીવાર આપની ભક્તિ કાળે ભૂલી જાઉં છું. અમોને ભક્તિનો કાળ આવ્યો છે, તે ઉત્સાહના પ્રમોદરૂપ તમારી ભક્તિ મને બળાત્કારે વાચાળ કરે છે. તમારો પરમાત્મસ્વભાવ પૂર્ણ થયો છે, તેની પરમ પ્રીતિ હે પ્રભુ! અમોને આકર્ષિત કરીને બળાત્કારે ભક્તિ કરાવે છે. જુઓ! ધર્મી જીવને માનાદિ ગાળવા, નિર્માની થવા અને અંતર્મુખ જાગ્રત રહેવાની ભાવના હોય છે. તેથી એ જાતનો શુભરાગ આવ્યા વિના રહેતો નથી. રાગ બળપૂર્વક આવે છે. આચાર્ય છઠ્ઠી સાતમી ભૂમિકામાં ઝૂલે છે. તે કહે કહે છે કે નાથ! ભક્તિનો ઉત્સાહ મને બળાત્કારે આમ કરાવે છે, ભક્તિનો શુભરાગ લાવવો પડતો નથી, પણ આવે જ. જ્ઞાની જ્ઞાતા-દૃષ્ટાપણે જાણે છે. આવી યોગ્યતા અમારા જ્ઞાનના ખ્યાલમાં આવે છે.

ભક્તિની પ્રેરણા જ મને વાચાળ કરે છે. વાણી નીકળવી તો જડની ક્રિયા છે, પણ અંદરમાં શુભરાગ આવ્યા વિના રહેતો નથી. નિર્માનતા બતાવવા કહે છે કે તે અમને ભક્તિ અર્થે વાચાળ બનાવે છે, અમે તો આપના દાસાનુદાસ છીએ.

પૂર્ણ ચારિત્ર દશા થઈ નથી એટલે શુભરાગ આવે જ. જેમ ચૈત્ર માસમાં આંબો લુમઝુમ કેરીના મહોરથી ફાલી રહ્યો હોય ત્યારે કોયલ મીઠા શબ્દો બોલે છે ત્યાં તેમ થવામાં આંબાની મંજરી અને મહોર એક જ કારણ છે; તેમ અમોને શુભરાગ આવે છે, તેમાં આપની ભક્તિ જ કારણ છે. પૂર્ણ વીતરાગ દશા થઈ નથી, તેથી શુભરાગ બળજબરીથી આવે છે.

જેમ વસંત ઋતુમાં કોયલ ટહુકે તેમ ધર્માત્માને આત્માના ભાનની ભૂમિકામાં સમ્યગ્જ્ઞાન કળા ખીલે છે ત્યાં પરમાત્માની ભક્તિનો શુભરાગ આવ્યા વિના રહેતો નથી ને વાણી વાણીના કારણે નીકળે છે. તેથી અમે વચન દ્વારા આપની ભક્તિ કરીએ છીએ.

હે નાથ! આપ જે રીતે વીતરાગ ભગવાન પૂર્ણ ચૈતન્ય પ્રતિમાપણે સક્રિય થઈ ગયા, હે પ્રભુ! એવી રીતે મારે ઠરવું છે, પણ પૂર્ણ વીતરાગદશા ન થાય ત્યાં સુધી એવો શુભરાગ આવ્યા વિના રહેતો નથી.

વસંતકાળે કોયલ ટહુકા કરે છે તેમ હે પ્રભુ! આપની ભક્તિએ મને બોલકો, વાચાળ કરી નાખ્યો છે. પંચમકાળમાં મોક્ષ નથી ને આવી મોક્ષની વાતો કેમ કરો છો?—એમ કોઈ માને તો ભલે માને; ભાઈ! ચૈત્ર માસમાં આંબા ફળે છે, કેરી પાકે છે ત્યાં કોયલ ટહુકે છે; તેમ આત્માનો ધર્મલબ્ધિકાળ પાકયો છે, ચૈતન્ય આનંદસ્વરૂપ નિશ્ચયથી શ્રદ્ધામાં બેઠું છે, તોપણ ભગવાનની ભક્તિના ઉત્સાહવશ ધર્મી વાણીથી બોલકો થયા વિના રહેતો નથી. આચાર્ય કહે છે કે મને યોગ્ય કાળે વિકલ્પ આવે છે તેથી આપની જ સ્તુતિ કરું છું.

## ભવરહિત ભગવાનની ભક્તિ કરનાર અંતરમાં ભગવાનપણું ભાળે છે.

બાંધેલ પાપ જનનાં ભવ સર્વ જેહ,<br>
તારી સ્તુતિથી ક્ષણમાં ક્ષય થાય તેહ;<br>
આ લોકવ્યાપ્ત નિશિનું ભમરા સમાન,<br>
અંધારું સૂર્ય-કિરણોથી હણાય જેમ. ૭.

લોકો કહે છે કે કેવળજ્ઞાન મુજબ બધાની પર્યાય ક્રમબદ્ધ થાય છે તો ધર્મનો પુરુષાર્થ કયાં રહ્યો? તેનું સમાધાન એમ છે કે જે કેવળજ્ઞાનને સ્વીકારે છે, તેને નિઃસંદેહ જ્ઞાયકસ્વભાવની રુચિ અને આદર થાય છે. સર્વજ્ઞ કેવળજ્ઞાનમાં જે જે જેમ જોયું, તે કાળે તેનું તેમજ ક્રમબદ્ધ થાય છે—એવી જેને શ્રદ્ધા છે તેને ભવભ્રમણ (સંસાર)નો ભાવ રહેતો નથી. કેવળજ્ઞાનીની સત્તાનો સ્વીકાર અથવા ક્રમબદ્ધપર્યાયનો નિયમ જેને બેઠો તે તો જ્ઞાતા-દૃષ્ટા થયો, પરનો અકર્તા થયો, તેની દૃષ્ટિ નિર્મળ જ્ઞાનસ્વભાવમાં ગઈ, ત્યાં બંધભાવ છૂટી ગયો, મોક્ષમાર્ગ ખૂલી ગયો. એમ નિઃસંદેહ જ્ઞાતાભાવમાં અનંતો પુરુષાર્થ આવ્યો. ક્રમબદ્ધને માને અને સર્વજ્ઞતાની દૃષ્ટિ અને અંતર્મુખ ઝુકાવ ન થાય એમ ન બને.

દેહ, મન, વાણી, પુણ્ય-પાપની સ્તુતિ નહીં, પણ હે સર્વજ્ઞદેવ! હું તો અનંતગુણ સમ્પન્ન એવા આપના જ ગાણા ગાઉં છું. આપે એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનો પત્તો મેળવેલ છે એવો જેને વિશ્વાસ બેઠો છે તે ધર્મી છે તે ભવરહિત ભગવાનનું બહુમાન

કરી વિનયથી કહે છે કે હે નાથ! આપની ભક્તિથી અનંત ભાવના પ્રવાહથી બંધાયે કર્મ અને વિભાવદશા નાશ પામે છે. કદી પૂર્વ કર્મના ઉદયના નિમિત્તરૂપ પાપ સંયોગ હોય, પણ જ્યાં પૂર્ણ જ્ઞાનસ્વભાવનું ભાન થાય, ત્યાં પાપ નાશ પામે છે- એવો આપની ભક્તિનો મહિમા કહેવામાં દોષ નથી. સ્વભાવનું ભાન થાય છે તે જીવને વીતરાગ દેવની ભક્તિનો જ વિકલ્પ ઊઠે છે અને તેને જ પાપ નાશ પામે છે.

જેમ સૂર્યના કિરણોથી રાત્રિનો અંધકાર નાશ પામે છે તેમ તારી ભક્તિથ અનંત ભવના પાપનો નાશ થયા વિના રહેતો નથી. શ્રી ઋષભદેવ ભગવાનની સ્તુ પદ્મનંદી પંચવિંશતિકામાં કહેલ છે. ત્યાં આચાર્ય જ્યાં ને ત્યાં વીતરાગ પ્રભુની મહિમ જ ભાળે છે. કહે છે કે હે નાથ! મુનિદશામાં જ્યારે આપ ધ્યાનમાં ઊભા હતા ત્ય શુકલ ધ્યાનરૂપી આગના પ્રચંડ તાપથી આપે કર્મના વાદળા તોડી નાખ્યા છે.

હે નાથ! જે આઠ કર્મનું દળ અખંડ હતું, કર્મના વાદળા અખંડ હતાં, પણ આપ જ્યારે ધ્યાનરૂપી અગ્નિમાં પડયાં ત્યારે વાદળા તૂટી ગયાં તેથી આજે પણ તે વાદળા ખંડખંડ કટકા થઈને બહાર ફરે છે, એમ ઉપમા આપે છે. હે પ્રભુ! હું તો એમ માનું કે કર્મના કટકા થઈ ગયા, તે વાદળા ખંડખંડ થઈ ફરે છે. આમ આત્માના ભાન સહિત અંતરમાં એકતા તે નિશ્ચય સ્તવન છે ને આપની ભક્તિ તે વ્યવહાર ભક્તિ છે; એવા સ્તવનથી કર્મનો નાશ થાય જ છે. તારી ભક્તિના ભાવથી કર્મનો અંધકાર નાશ થઈ જાય છે, સૂર્યથી અંધકાર નાશ પામે છે પણ જડ કર્મ ખસતાં નથી. અહીં કહે છે કે આપની ભક્તિથી કર્મો ક્ષણભરમાં શીઘ્ર નાશ પામે છે. ચિદાનંદઘન આત્માનો સત્કાર આવ્યો, ત્યાં કર્મ નાશ પામી જાય છે. મુનિને ભક્તિનો રાગ આવ્યો છે, તેના ફળમાં સ્વર્ગમાં જશે, તે વાત ગૌણ કરી છે. દૃષ્ટિના વિષયના જોરમાં કહે છે કે અમારા કર્મો નાશ પામે છે. શરીરમાં રહેલાં આત્માના કર્મો અભેદ ભક્તિ-કીર્તનરૂપી માળાના મણકાથી તૂટી જાય છે. અખંડ જ્ઞાનસ્વભાવનું કીર્તન ખસે નહીં ને રાગનું કીર્તન ખરેખર આવે નહીં. શ્રદ્ધામાં એવી દૃઢતા હોવા છતાં પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી રાગ આવ્યા વિના રહે નહીં. બે વાત સામે સામી લીધી છે. અનંત અનંત ભવ કર્યાં, પણ હવે ભવનો અભાવ-સ્વભાવ મને અંતર રુચિમાં બેઠો છે, માટે કર્મોનો નાશ થશે જ, સ્વભાવ અને વિભાવ વચ્ચે ભેદજ્ઞાન થયું છે એટલે ક્ષણમાત્રમાં બંધન નાશ થશે. આ પંચમ આરાના મુનિ છે તેથી દેવલોકમાં જશે. ત્યાં અસંખ્ય વરસનું એક પલ્યોપમ અને દસ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ કાળ છે, એવા સાગરોપમનું લાંબુ આયુષ્ય છે. જેને રાગનો કણીઓ આદરમાં નથી, કરવા જેવો માન્યો નથી અને દેહની ક્રિયાથી જુદો છું એમ ભેદજ્ઞાન દ્વારા જ્ઞાતાદૃષ્ટા તરીકે વર્તે છે તે અમૃતના ભોજનમાં તૃપ્ત તૃપ્ત છે. સ્વર્ગનો ભવ આવવા છતાં થોડા જ વખતમાં કર્મોનો નાશ થશે.

## નિશ્ચય વ્યવહારના મેળવાળી ભક્તિ

કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનો રાગ આવતો હતો તેને બદલે સુદેવાદિનો શુભ રાગ ન આવે તો કુલટા સ્ત્રી જેવો તેનો દુષ્ટભાવ છે. સત્તાસ્વરૂપમાં સર્વજ્ઞદેવની સત્તાનો નિર્ણય કરાવી ગૃહિત મિથ્યાત્વનો ત્યાગ કરાવે છે ત્યાં દૃષ્ટાંત છે કે જેમ સ્ત્રીને સાચો પતિ લાંબા સમયથી પ૨દેશ ગયો હોય પછી અન્ય પુરુષને પતિ બનાવી તેના પ્રત્યે બહુમાન આદી ભક્તિભાવ લગાવતી હતી, પણ ભાગ્યયોગે સાચો પતિ ઘેર આવી જાય અને જો ખોટાને છોડી સાચા પતિની અધિક ભક્તિ-સેવા ન કરે તો કુલટા કહેવાય. તેમ પૂર્વે અજ્ઞાનમાં કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માટે મન-વચન-કાયાથી ધનાદિ ખર્ચ કરી ક્રોધ, માન, માયા, લોભના પરિણામો કરતો હતો, તેને બદલે જ્યારે સુદેવ-સુગુરુ-સુશાસ્ત્ર મળ્યા ને તેના પ્રત્યે અધિક પ્રીતિરૂપ શુભ રાગ ન આવે, શક્તિ પ્રમાણે ધનાદિ ખર્ચી ભક્તિ-પૂજા-પ્રભાવનામાં રસ ન લે, તો તે કુલટા સ્ત્રી સમાન પાકો મિથ્યાદૃષ્ટિ છે. અહીં કહે છે કે યથાર્થ દૃષ્ટિ-જ્ઞાન તો છે, હવે આત્મભાન અને લીનતા પૂર્વક અંતરમાં નિજ પરમાત્માની સેવા ભક્તિમાં જ સાવધાન થયો છું અને વિકલ્પમાં આવું છું ત્યારે હે વીતરાગ! હું આપને જ સર્વ પ્રકારે મારા હિતોપદેશક જાણી આપની જ ભક્તિ કરું છું, બીજાનો સ્વપ્નમાં પણ આદર નથી. માટે મારે અલ્પ કાળે કર્મો ટળી જવાના છે.

શ્રોતાઃ—ક્રમબદ્ધની શ્રદ્ધાવાળાને અલ્પકાળે મોક્ષની વાત ક્યાં લાવ્યા?

પૂજ્ય ગુરુદેવઃ—ભાઈ, ક્રમબદ્ધનો નિર્ણય કરનારને સર્વજ્ઞ સ્વભાવનો જ આદર અને રુચિ મુખ્ય વર્તે છે. આમ જ્ઞાતાસ્વભાવની દૃષ્ટિ છે તેને અલ્પકાળમાં મુક્તિ થાય છે. હે નાથ! આપ તો ત્રણ કાળ, ત્રણ લોકના જાણનાર છો, પણ કોઈના કરનારા નથી. આમ જાણતાં મને એવો નિર્ણય વર્તે છે કે હું પણ ત્રણકાળ ત્રણલોકને જાણનાર છું. અલ્પજ્ઞ રહું એવો નથી. રાગ આવે છે છતાં કર્તવ્ય નથી એવી દૃષ્ટિ છે. ભક્તિનો શુભરાગ આવતાં પાપ તો એની મેળે ટળે અને પૂર્ણ પવિત્ર સ્વભાવના ઘોલનમાં પુણ્ય-પાપ બન્ને ટળે છે, આમ અંતર્મુખ થયો, તેને કેવળજ્ઞાનનો વ્યક્ત થવાનો સ્વકાળ અલ્પકાળના ક્રમમાં આવવાનો છે.

## નિર્માનતાથી પરમાર્થ ભક્તિ સહિત નિઃસંદેહ મુક્તિની શ્રદ્ધા

અંતર દૃઢતાની વાત બહાર નહિ કરતાં નિર્માનતાથી સ્તુતિમાં નિઃસંદેહ શ્રદ્ધાના રણકાર જગાવે છે કે હે નાથ! આ સ્તોત્રથી આપની ભક્તિથી જ મારા અનેક ભવનાં ભેગાં થયેલાં કર્મોનો નાશ થાય છે. કઈ ભક્તિ? નિશ્ચયભક્તિ સહિત વ્યવહારભક્તિની વાત છે. અજ્ઞાની વ્યવહારના આશ્રયથી લાભ માને છે, તેથી તેને ભગવાનને સાંભળ્યા નથી પણ રાગને સાંભળ્યો છે. જ્ઞાનીને તો પરમાર્થના આશ્રયરૂપ સ્વભાવની ભક્તિથી પુણ્ય-પાપનો નાશ થાય છે, અને શુભરાગથી અંશે પાપનો નાશ થાય છે. ● [ક્રમશઃ]

(તા. ૧૦-૧૧-૯૦)

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

આપણા પરમોપકારી સ્વાનુભવપ્રધાન અધ્યાત્મબોધદાતા પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ધર્મવૃદ્ધિકારી પ્રતાપથી તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં આપણા આદરણીય પંડિતજી શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના માર્ગદર્શનમાં ધર્મ-પ્રભાવનાના અંગરૂપ બધી ધાર્મિક ગતિવિધિ પૂર્વવત્ નિયમિત ચાલી રહી છે. પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ, જિનેન્દ્રદર્શન-પૂજા પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર પરિશિષ્ટ-૪૭ શક્તિ પર (૧૫મી વખતનું) ટેપ-પ્રવચન, પુરુષો માટે પંચાસ્તિકાયસંગ્રહ પર ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે શ્રી નિયમસાર શાસ્ત્ર પર શાસ્ત્રવાંચન, જિનેન્દ્રભક્તિ. પૂજ્ય બહેનશ્રીના સાધનારૂમમાં સ્તુતિ અને સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર-નાટક પર ટેપ પ્રવચન—ઇત્યાદિ કાર્યક્રમ નિયમિત ચાલી રહ્યો છે.

* શ્રી મહાવીર-નિર્વાણક કલ્યાણકનો દીપાવલીનો મંગલ અવસર 'શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણક-પૂજા' પૂર્વક ઉજવવામાં આવ્યો. આ મંગલ પ્રસંગનો લાભ લેવા મુંબઈ, રાજકોટ, અમદાવાદ, ભાવનગર, જામનગર ઈત્યાદિ અનેક ગામના મુમુક્ષુઓ સોનગઢ આવ્યા હતા.

આ પ્રસંગે પ્રાસંગિક પૂજા વિધાન—

(૧) શ્રી મંજુલાબેન રમેશચંદ્ર શાહ, સુરેન્દ્રનગર

(૨) શ્રી વસંતકુમાર વીરચંદ માલદે તથા ભાનુમતિ વસંતકુમાર માલદે હસ્તે નિશિત માલદે, મુંબઈ

—તરફથી રાખવામાં આવી હતી.

* ભગવાન મહાવીર-નિર્વાણ કલ્યાણકના દીપાવલીના પવિત્ર દિવસે નિર્વાણ-પૂજનમાં લાડુ ચઢાવવાનો લાભ સોનગઢનિવાસી (લાઠીવાળા) શ્રી મંછાબેન જયંતિલાલ ભાયાણીને મળ્યો હતો.

* કારતક સુદ-૭ થી કારતક સુદ-૧૫ સુધી નંદીશ્વર-અષ્ટાહ્નિકા નિમિત્તે કાયમી પૂજા—

(૧) શ્રી જયસુખભાઈ પોપટલાલ સંઘાણી હસ્તે બ્ર૦ શારદાબેન, રાજકોટ

(૨) શ્રી દેવશીભાઈ રામજીભાઈ કોઠારી તથા ચંચળબેન દેવશીભાઈ કોઠારી, સોનગઢ

(૩) શ્રી ચંચળબેન ગોરધનદાસ શાહ, મુંબઈ

(૪) સ્વ. શ્રી શિવકુંવરબેન ન્યાલચંદભાઈ મોદી હસ્તે રમણીકલાલ ન્યાલચંદભાઈ મોદી તથા ભાઈઓ, રાજકોટ

પ્રાસંગિક પૂજા—

(૧) શ્રીમતી કુસુમબેન ચંદ્રકાંત મણીયાર તથા શ્રીમતી અર્ચનાબેન ભરતેશ મહેતા —તરફથી રાખવામાં આવેલ હતી.

* ગુરુ ઉપકાર-સ્મૃતિના દશમા વાર્ષિક અવસરે બહારગામથી લગભગ ૪૫૦ મુમુક્ષુભક્તો પૂજ્ય ગુરુદેવની સાધના તેમ જ સમાધિભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી તીર્થધામના દર્શનનો, ગુરુદેવ પ્રતિ ભકત્યંજલિ સમર્પિત કરવાનો તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનનો લાભ લેવા આવ્યા હતા. પૂજાના સમયે શ્રી સીમંધરસ્વામી-જિનમંદિર તથા પ્રવચનસમયે શ્રી સ્વાધ્યાયમંદિર મુમુક્ષુભક્તોથી ખીચોખીચ ભરાઈ જતાં હતાં. આ પ્રસંગે સમાગત અધ્યાત્મતત્ત્વપ્રેમી વિદ્વાન સર્વશ્રી પ્રાણુલાલભાઈ કામદાર, હિંમતભાઈ ડગલી, બ્ર૦ વ્રજલાલભાઈ શાહ, શશીકાંતભાઈ શેઠ તથા ડૉ. પ્રવીણભાઈ દોશીએ 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' પર, પૂજ્ય ગુરુદેવ તેમ જ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રત્યે ભક્તિભીનાં ભાવવાહી સુંદર તાત્ત્વિક પ્રવચનો આપ્યા હતા.

* પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના વાર્ષિક સમાધિદિન નિમિત્તે નવમી મંડલ વિધાન પૂજા—

સ્વ૦ શ્રી રતિલાલ હરગોવિંદદાસ મોદીના સ્મણાર્થે સોનગઢ, હાલ-ઘાટકોપર હ. ચંપાબેન રતિલાલ.

તથા પ્રાસંગિક મંડલ વિધાન પૂજા—

(૧) શ્રી કમળાબેન પ્રભુલાલ ધીયા, રાજકોટ

(૨) શ્રી મોહનલાલજી પાટની, કલકત્તા

—તરફથી રાખવામાં આવી હતી.

* શ્રુતલબ્ધિવંત સ્વાનુભવપ્રેરણામૂર્તિ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભવ-માર્ગપ્રકાશક અધ્યાત્મ-અમૃતવાણીના પ્રચાર અર્થે, રાજકોટનિવાસી સ્વ. શ્રી પ્રભુલાલ મોહનલાલ ધીયા તરફથી ગુરુ-કહાન-સમાધિના દશમા વર્ષિક દિન નિમિત્તે તા. ૬-૧૧-૯૦ થી તા. ૮-૧૧-૯૦ સુધી કેસેટ-પ્રવચન દીઠ રૂા. ૪/-નું ડીસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

* માગશર વદ-૮, તા. ૯-૧૨-૯૦ના રોજ પરમાગમ શ્રી સમયસાર આદિ અધ્યાત્મ શ્રુતના પ્રણેતા પરમ પૂજ્ય ઋષીશ્વર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્ય પદારોહણ દિન' વિશેષ પૂજાભક્તિ તેમજ જ્ઞાનોપાસના પૂર્વક ઉજવવામાં આવશે.

—o—

## * ધાર્મિક શિક્ષણવર્ગ *

* નાતાલની રજાઓમાં તા. ૨૩-૧૨-૯૦ રવિવાર થી તા. ૧-૧-૯૧ મંગળવાર—એમ દસ દિવસ સુધી અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ધામિક શિક્ષણવર્ગનું (માત્ર પુરુષો માટે) આયોજન રાખવામાં આવ્યું છે. અધ્યાત્મતત્ત્વજ્ઞાનના જિજ્ઞાસુઓને આ ધાર્મિક શિક્ષણવર્ગનો લાભ લેવા અર્થે પધારવા શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી નિમંત્રણ છે. બહારગામથી આવેલ શિક્ષણાર્થી બંધુઓ માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

---

મનુષ્ય અપને દોષોંકો યદ્યપિ કપટસે આચ્છાદિ કરતા હૈ (ઢંકતા હૈં) તો ભી વહ લોકમેં ક્ષણભરમેં હી ઇસ પ્રકારસે અતિશય પ્રકાશમેં આ જાતા હૈ—પ્રગટ હો જાતા હૈ—કિ જિસ પ્રકારસે જલમેં ડાલા ગયા મળ ક્ષણભરમેં હી ઉપર આ જાતા હૈ. અત એવ મનુષ્યોંકો ઉસ માયાચાર કે લિયે હૃદયમેં થોડાસા ભી સ્થાન નહીં દેના ચાહિયે.

—શ્રી અમિતગતિ આચાર્ય

---

## પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેઈપ-રેકોર્ડ થયેલાં આધ્યાત્મિક પ્રવચનોની વિગત :—

| શાસ્ત્ર | કુલ પ્રવચનો | નોંધ |
|---|---|---|
| ૧. શ્રી સમયસાર | ૩૩૦૨ | પહેલી વખતના ૫૫૧ પ્રવચનો |
| ૨. શ્રી પ્રવચનસાર | ૯૭૩ | આખા શાસ્ત્ર ઉપરના સળંગ ૨૬૦ પ્રવચનો |
| ૩. શ્રી નિયમસાર | ૧૪૩૦ | આખા શાસ્ત્ર ઉપરના સળંગ ૨૨૦ પ્રવચનો |
| ૪. શ્રી પંચાસ્તિકાય | ૧૦૫ | છેલ્લી વખતના ૭૭ પ્રવચનો |
| ૫. શ્રી અષ્ટપાહુડ | ૪૦૨ | છેલ્લી વખતના ૨૦૬ પ્રવચનો |
| ૬. શ્રી બહેનશ્રીનાં વચનામૃત | ૨૩૧ | સળંગ ૧૮૧ પ્રવચનો |
| ૭. શ્રી સમયસાર કળશટીકા | ૧૦૫૪ | આખા શાસ્ત્ર ઉપરના સળંગ ૩૨૫ પ્રવચનો |
| ૮. શ્રી પરમાત્મપ્રકાશ | ૩૮૧ | આખા શાસ્ત્ર ઉપરના સળંગ ૨૧૬ પ્રવચનો |
| ૯. શ્રી સમયસાર નાટક | ૨૦૦ | એક જ વખત (૧૯૭૧)ના પ્રવચનો |
| ૧૦. શ્રી છહાળા | ૫૦ | એક જ વખત (૧૯૬૬)ના પ્રવચનો |
| ૧૧. શ્રી ઇષ્ટોપદેશ | ૫૫ | એક જ વખત (૧૯૬૬)ના પ્રવચનો |
| ૧૨. શ્રી યોગસાર | ૪૫ | એક જ વખત (૧૯૬૬)ના પ્રવચનો |
| ૧૩. શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય | ૮૯ | એક જ વખત (૧૯૬૭)ના પ્રવચનો |
| ૧૪. શ્રી સમાધિતંત્ર | ૧૧૫ | એક જ વખત (૧૯૭૫)ના પ્રવચનો |
| ૧૫. શ્રી વિષાપહાર સ્તોત્ર | ૭ | એક જ વખત (૧૯૬૨)ના પ્રવચનો |
| ૧૬. શ્રી પદ્મનંદીપંચવિંશતિ | ૧૩ | શ્રાવકાચાર, દેશવ્રતોદ્યોતન, આલોચના અધિકાર ઉપરના ૧૯૬૧ના પ્રવચનો |

કુલ ૮૪૫૩ પ્રવચનો; એક વખતના કુલ પ્રવચનો : ૨૬૧૦

તદુપરાંત,

* પૂજ્ય ગુરુદેવશ્રીના વૈરાગ્યભીના મધુર કંઠે ગવાયેલી છ-ઢાળા તેમ જ જિનેન્દ્રભક્તિની ૧-૧ કેસેટ;

* પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિભિન્ન પ્રસંગોની તત્ત્વચર્ચાની પાંચ કેસેટ અને ભક્તિની ૪ કેસેટ;

* આપણા આદરણીય પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા કરાવવામાં આવેલ પ્રતિક્રમણની ૧-કેસેટ અને સ્વાધ્યાય-સુધાની ૧-કેસેટ.

# 卐 શુદ્ધાત્માનું આલંબન લે 卐

મુક્તિનો માર્ગ એક છે. બધું કરીને કરવાનું તો એક જ છે—શાશ્વત શુદ્ધ આત્માનું આલંબન એટલે કે તેની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા. તેના માટે આત્માની ઓળખાણ કરવી જોઈએ. જ્યાં સુધી પોતે અંતરંગ પરિણમનપૂર્વક તેની ઓળખાણ ન કરી શકે, ત્યાં સુધી તેને તેના માટે તત્ત્વવિચાર વગેરેનો પ્રયત્ન થયા વિના રહે નહિ. પરંતુ કરવા જેવું તો એક જ છે—એક શાશ્વત શુદ્ધ આત્માનું આલંબન. ગુરુદેવે આત્મકલ્યાણનો આ જ માર્ગ બતાવ્યો છે. —પૂજ્ય બહેનશ્રી

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH–364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/– પ્રત : ૩૨૦૦

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

શ્રી ડૉ. ધીરજલાલ પી.
લોકભારતી,
સણોસરા
વાયા—સોનગઢ